

# અમાનવીય ક્રૂરતા

: લેખક :

સદ્‌ગુરૂ શ્રી બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય વિશારદ)

: પ્રકાશક :

શ્રી ઘનશ્યામ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ-લોયાધામના ઉપક્રમે
શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ-કંડારી તથા
શ્રી સ્વામિનારાયણ મંદિર ગ્રાન્ડપ્રેરી (ડલાસ) અમેરિકા.

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

# અમાનવીય ક્રૂરતા


: લેખક :

સદ્‌ગુરૂ શ્રી બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય વિશારદ)

ગુરૂવર્ય સદ્‌ગુરૂ શ્રી શાસ્ત્રીજી સ્વામી (કંડારી ગુરૂકુલ)

: પ્રેરક :

સદ્‌ગુરૂ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

(કંડારી ગુરૂકુલ)



: પ્રકાશક :

દશાબ્દિ મહોત્સવના ઉપક્રમે

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ"ભક્તિનગર" કંડારી.

તથા

શ્રી સ્વામિનારાયણ મંદિર ગ્રાન્ડપ્રેરી (ડલાસ) અમેરિકા.

**અમાનવીય ક્રૂરતા**


**પ્રકાશક :**

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ "ભક્તિનગર" કંડારી,

મું. કંડારી, તા. કરજણ, જી. વડોદરા-૩૯૧૨૧૦

ફોન : (૦૨૬૬૬) ૨૩૨૩૩૪, ૨૩૨૭૩૪

E-mail :gkandari@satyam.net.in.

Web : www.TheSwaminarayan.org

પ્રકાશન તિથિ : દશાબ્દિ મહોત્સવ વિ. સં.-૨૦૬૧ / ૨૦થી૨૬ ડિસેમ્બર ઈ.સ.-૨૦૦૪

**આવૃતિ : પ્રથમ**

**પ્રત : ૨૦૦૦**

**કિંમત : રૂ.**

**સૌજન્ય :**

શ્રી સ્વામિનારાયણ મંદિર

ગ્રાન્ડપ્રેરી, ડલાસ અમેરિકા

**પ્રાપ્તિ સ્થાન :**

- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ "ભક્તિનગર" કંડારી,
  ફોન : (૦૨૬૬૬) ૨૩૨૩૩૪, ૨૩૨૭૩૪
- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વડોદરા
  ફોન : (૦૨૬૫) ૩૧૩૪૦૯૯
- શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ
  ફોન : (૦૨૭૫૫)૨૬૫૪૪૧, ૨૬૫૪૫૧
- **SHREE SWAMINARAYAN MANDIR**
  2114 PINE ST. GRAND PRAIRIE,TX.-75050
  Phone : (972) 263 - 7637
- મુદ્રક : શ્રીજી આર્ટ (૦૭૯) ૩૦૯૨૮૨૯૯

# અભિનંદનમ્

ભગવાને રચેલ આ જગતમાં દેવો અને દાનવોનો સંઘર્ષ અનાદિથી ચાલી રહ્યો છે. આ સંઘર્ષના મૂળમાં બન્નેના જુદા જુદા ગુણધર્મો છે. એકમાં ચાલકબળ દયા છે. તો બીજામાં ક્રૂરતાનું બળ જણાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ શ્રીમદ્ સત્સંગિજીવનમાં આ જુદા-જુદા ધર્મોનું સ્પષ્ટતા પૂર્વક ધર્મવંશ તથા અધર્મવંશ તરીકે વર્ણન કર્યુ છે.

માનવમાં આ પરસ્પર વિરોધી ગુણધર્મોમાંથી એકાદ અંશ સવિષેશ રહ્યો છે. ભારે માનવતામાં છુપાયેલી દાનવતાને ઓળખાવવા આ પુસ્તક લખાયેલું છે.આધુનિક યુગમાં હિંસા લોકોના વ્યવહારુ જીવનમાં ખુબ વણાઈ ચુકેલી છે. ત્યારે આવા વાંચનથી જ સમાજની આંખ ખુલે છે. માંસાહાર અને આધુનિક ઉપકરણોથી પાછળ રહેલી આ ક્રૂરતાને સમજી એક સજ્જન સત્યના પથ પર ચાલી શકે એ જ આ પુસ્તકનો હેતું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના *(सर्वजीवहितावह)* સિદ્ધાંતને તથા વૈદિક ઋષિઓના *अहिंसा परमो धर्मः* સિદ્ધાંતને સમજાવવા આધુનિક યુગની જરૂરીયાત પ્રમાણે અમારા શિષ્ય બ્રહ્મસ્વરૂપદાસજીએ લખેલ આ પુસ્તક અમાનવીય ક્રૂરતા એક પ્રશંસનીય પ્રયાસ છે.આ પુસ્તક સામાન્ય જનતામાટે ઉપયોગી બની સત્યના માર્ગ પર ચાલવાનો પ્રકાશ પુરો પાડશે એ જ...

શા. ઘનશ્યામપ્રકાશદાસના અભિનંદન સહ

જય શ્રી સ્વામિનારાયણ

## લેખકની કલમે....

**વ્હાલા ભક્તો !**

આ નાનકડા પુસ્તકમાંથી ઘણી બધી પ્રેરણાઓ મળી શકે તેમ છે. જાણે-અજાણે જીવનમાં વપરાતી ચીજ-વસ્તુઓમાં ક્રૂરતા કરવામાં આવી હોય તો તેવી વસ્તુઓનો ડાહ્યા માણસે તત્કાળ ત્યાગ કરી દેવો જોઈએ. દેશ-વિદેશમાં રહેતા સત્સંગીઓ અને સજ્જનોએ તો ખાવાં-પીવાનાં દરેક પદાર્થો ઉપર લખેલ લખાણ વાંચીને જ ઉપયોગ કરવો જોઈએ. -કારણ કે સ્વામિનારાયણ ભગવાને માંસ મિશ્રિત પદાર્થો ખાવાંની સ્પષ્ટપણે ના કહેલ છે. તેમજ કોઈપણ જીવ પ્રાણી માત્રને પણ મારવાની ના કહી છે; તેથી એવી આજીવિકા પણ ન ચલાવવી જોઈએ કે એમાં પ્રત્યક્ષરૂપે કે પરોક્ષરૂપે ક્રૂરતા સાથે સંબંધ હોય.

વળી આ પુસ્તકમાં ભૂતકાળમાં લડાયેલ અનેક યુદ્ધોમાં આચરવામાં આવેલ અમાનુષી ક્રૂરતાનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. તેમજ ગુલામો ઉપર કરવામાં આવતા અત્યાચારોને પણ આવરી લેવામાં આવ્યા છે. એ સિવાય પણ ધર્મના નામે કરાયેલ કત્લેઆમનું વર્ણન કરવામાં આવ્યું છે. આ પ્રસંગો વાંચીને દરેક સુજ્ઞ સજ્જનો આમાંથી વિધિ વાક્યોને જીવનમાં અપનાવશે અને નિષેધ વાક્યોને જીવનમાંથી સદંતર દૂર કરશે એવી શુભેચ્છા રાખું છું.

લિ. સત્સંગ સેવક બ્રહ્મસ્વરૂપદાસ

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૧ | દૈવી-આસુરી જીવો | ૧ |
| ૨ | ક્રુરતા | ૨ |
| ૩ | જીવન જરૂરિયાત ચીજોમાં | ૫ |
| ૪ | ગર્ભપાત | ૬ |
| ૫ | જાપાનમાં અણુબોંબ ફેકાયા | ૮ |
| ૬ | લાખ યહૂદીઓનાં કરૂણ મોત | ૯ |
| ૭ | સત્તાધીશોની અમાનવીય ક્રૂરતા | ૧૧ |
| ૮ | શોખ ખાતર ક્રૂરતા | ૧૨ |
| ૯ | શિકારને કારણે | ૧૪ |
| ૧૦ | રેડ ઇંડિયનોની કત્લેઆમ | ૧૫ |
| ૧૧ | ધર્મના નામે ક્રૂરતા | ૧૭ |
| ૧૨ | નિજ સ્વાર્થ માટે ક્રૂરતા | ૧૮ |
| ૧૩ | જેહાદના નામે ક્રૂરતા | ૨૦ |
| ૧૪ | મહંમદ બીન કાસમ | ૨૧ |
| ૧૫ | મહંમદ ગઝની | ૨૨ |
| ૧૬ | મહંમદ ઘોરી | ૨૪ |
| ૧૭ | ચંગીઝખાન | ૨૫ |
| ૧૮ | હલાકુ | ૨૭ |
| ૧૯ | તૈમુરલંગ | ૨૮ |
| ૨૦ | અલાઉદ્દીન ખીલજી | ૩૧ |
| ૨૧ | મહંમદ તઘલક | ૩૨ |
| ૨૨ | મોગલ વંશ | ૩૩ |
| ૨૩ | મહાશેતાન ઔરંગઝેબ | ૩૫ |
| ૨૪ | નાદિરશાહ અને અહમદશાહ | ૩૭ |
| ૨૫ | હૂણ જાતિની ક્રૂરતા | ૩૮ |
| ૨૬ | ક્રુસેડ અને જેહાદ | ૩૮ |
| ૨૭ | પ્રથમ વિશ્વયુદ્ધ | ૪૦ |
| ૨૮ | બીજું વિશ્વયુદ્ધ | ૪૨ |
| ૨૯ | જાપાની સૈનિકોની ક્રૂરતા | ૪૪ |
| ૩૦ | સખત મજૂરી અને.... | ૪૫ |
| ૩૧ | ઐતિહાસિક પુલ પાછળ.... | ૪૭ |
| ૩૨ | શ્રીજી મહારાજનો આદેશ | ૪૯ |
| ૩૩ | મચ્છરો ભગાડવા માટે | ૫૦ |

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

# ''દૈવી-આસુરી જીવો''

ભક્તો ! આ સૃષ્ટિનો આરંભ થયો ત્યારથી દૈવી અને આસુરી જીવોની ઉત્પતિ એક સાથે જ થઈ છે અને પુરાણોના પઠન પછી આપણને એ જાણવા પણ મળે છે કે, દરેક યુગોમાં બન્ને પ્રકારના જીવાત્માઓ જન્મ ધારણ કરી પોત-પોતાના સ્વભાવ પ્રમાણે આચરણ કરે છે. દૈવી જીવો સત્કાર્યો કરે છે, જ્યારે આસુરી જીવો એનાથી ઊલટું કરે છે.

વર્તમાન સમયમાં પણ એજ સ્થિતિ છે. દયાળુ લોકો ખૂબ છે, તો તેની સામે નિર્દય લોકો પણ ખૂબ છે. અહિંસાવાદિ ઘણા લોકો છે, તો તેની સામે હિંસક લોકોની બહુમતિ છે. સાચા અર્થમાં માનવો ઘણા છે, તો તેની સામે દાનવો પણ અપાર છે. કરૂણાસભર હૈયાંઓથી ઘણા લોકોનાં હૃદય છલકાઈ રહ્યાં છે, તો તેની સામે લુખ્ખા દિલનાં પણ અનેક લોકો જોવા મળે છે.

જીવ પ્રાણી માત્રને દુઃખી જોઈને હૃદયથી રડનારાઓ પણ ઘણા છે, તો તેની સામે નિર્દોષ પ્રાણીઓને દુઃખી જોઈને હૃદયથી આનંદ પામનારાઓ પણ ઘણા લોકો છે ! કોમવાદના દાવાનળમાં એ જ તો થાય છે ? સામેના પક્ષનો માણસ ઘાયલ થઈને તરફડી રહ્યો હોય ત્યારે મારનારાઓનાં હૃદય આનંદથી છલકાતાં હોય છે !

પરમાત્માની આ સૃષ્ટિની અંદર ઉત્પન્ન થયેલ દરેક જીવોને

જીવવાનો અધિકાર પ્રભુએ આપ્યો છે. એ પ્રાણીઓને મારી પોતાનું પેટ ભરવું કે પોતાનો શોખ પૂરો કરવો એ એક પ્રકારની નિર્દયતા જ છે. ઘણાં સજ્જન લોકોને ખ્યાલ નથી હોતો કે, હું જે માંસાહાર ભોજન ખાઈ રહ્યો છું અને જીવન ઉપયોગી ચીજ-વસ્તુઓ વાપરી રહ્યો છું તેની પાછળ કેટલી ક્રૂરતા છૂપાયેલી છે ?

કૂણી કૂણી ચામડાની ટોપીઓ ઓઢનારાઓને અને કૂણાં-કૂણાં બૂટ-ચંપલ પહેરનારાઓને એ ખ્યાલ નથી હોતો કે, આટલું કૂણું ચામડું મેળવવા માટે ઉકળતા પાણીની અંદર જીવતાં પ્રાણીઓને નાખી તેમની ચામડી ઉતરડી તેને રંગેરૂપે મઢી વેચવામાં આવે છે! ચામડાંના અતિ કૂણાં પાકીટને હું પ્રેમથી ખીસ્સામાં રાખી પ્રભુની મૂર્તિને એમાં પધરાવું છું તેની ઉત્પત્તિ ઉકળતા પાણીમાં જીવતાં સસલાંઓને નાખી તેમની ચામડી ઉતારી બનાવવામાં આવ્યાં છે.! હું જે ઊનનાં કપડાં પહેરું છું તે ઊનને ઊતારતી વખતે ઘેટાંઓને કેટલી પીડા થતી હશે ?

## "ક્રૂરતા"

ધ કોમનવેલ્થ સાઈન્ટીફીક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રીસર્ચ ઓર્ગેનાઈઝેશનનું કહેવું છે કે, આખા વિશ્વમાં હાલ જો કોઈ પ્રાણી સૌથી વધુ દુ:ખી હોય તો તે ઊન આપતી ઘેટાંની જાતિ છે. હિમાચલ પ્રદેશમાં એક ફાર્મ હાઉસમાં ઘેટાંઓનું ઊન ઊતારવા માટે તેને સાઈક્લોફોસ્ફામાઈડ નામે ઝેરી દવાનું ઈન્જેકશન અપાય છે, તેથી ઘેટાંઓના વાળ ચામડીએથી થોડા નરમ પડે છે. ત્યારબાદ મજૂરો ઘેટાંઓને જોરથી પકડી રાખે છે અને બીજા મજૂરો હાથ વડે ઊનને જોરજોરથી ખેંચે છે ત્યારે તે ઘેટાંઓ જોરજોરથી મરણચીસો પાડતા હોય છે !

ભક્તો ! તે સમયે જીવતા ચામડી ઉતારે ને જે પીડા થાય

તેટલી પીડાઓ તે ઘેટાંઓને થતી હોય છે ! જેમ આપણા વાળ ખેંચે ને જે પીડા આપણને થાય છે, એટલી જ પીડા ઘેટાંઓને તેના વાળ (ઊન) ને ખેંચે ત્યારે થતી હોય છે. ઊન ખેંચાઈ જાય ત્યારે આખા શરીરે દરેક રૂવાંડે રૂવાંડે લોહીની ટીશીઓ ફૂટી નીકળે છે ! આટલી યાતનાઓ આપ્યા પછી તે ઊનમાંથી બનેલાં ગરમ કપડાં અને ધાબળા વગેરેને આપણે પ્રેમથી પહેરતા હોઈએ છીએ. !

ઘણા દેશોમાં 'હેલ્થ ફૂડ' નો મહિમા વધી રહ્યો છે. દવા, ખાવાની ચીજો, સાબુ, ટૂથપેસ્ટ અને સૌંદર્ય વધારનારાં સાધનો પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતાથી મુક્ત હોય એનો આગ્રહ રાખવાની શરૂઆત થઈ છે. અર્થાત ચરબી વિનાની દરેક ચીજ-વસ્તુઓ વાપરવાની શરૂઆત થઈ છે. જો આટલું કરી શકાય તો પણ એક પરોપકારનું કામ કર્યું ગણાશે. અબોલ ને નિર્દોષ પશુઓના આશીર્વાદ મળશે.

હાલ લંડનમાં પ્રાણીઓ તરફ કરાતી ક્રૂરતા અંગેની ફિલ્મ બતાવવામાં આવે છે. તે જોઈને ઘણા માંસાહારીઓ શાકાહારીઓ બની જાય છે. પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે શાકાહારી બને છે, કારણ કે, તેઓ ક્રૂરતા વિરોધી હોય છે અને દયાળુ પણ હોય છે. તેથી આવાં દૃશ્યો જોઈને કે વાંચીને માંસાહાર છોડી દેતી હોય છે.

પ્રાણીઓ પર આચરવામાં આવતી ક્રૂરતા અને પ્રાણીઓ પર થતા પ્રયોગોમાં રહેલી ક્રૂરતાનો વિરોધ કરનારી અનેક સંસ્થાઓ બ્રિટન દેશમાં સક્રિય બની છે. અમેરિકા અને કેનેડા દેશની આંતરરાષ્ટ્રીય સંસ્થા 'ગ્રીન પીસ' અમાનુષી હત્યાનો સખત વિરોધ કરી ઘણા દેશોમાં ઝુંબેશ ચલાવે છે.

જાણીતા ચિંતક ને લેખક શ્રી ગુણવંત શાહે "મહા માનવ મહાવીર" પુસ્તકમાં લખ્યું છે કે, "દુનિયાના મોટા ભાગના લોકો

કેવળ સ્વાદ માટે જ ક્રૂરતા સભર હિંસા કરે છે. ફ્રાંસ દેશના ફ્રેન્ચ લોકો દેડકાના પગને ખૂબ સ્વાદિષ્ટ વાનગી ગણે છે, ભારતમાં દેડકાઓ ઉપર ભારે ક્રૂરતા આચરીને દેડકાઓના પગ કાપીને તેઓની નિકાસ કરવામાં આવે છે. અથાર્ત્ વિદેશોમાં મોકલવામાં આવે છે.

ભારતમાં દર વર્ષે ૧૦ કરોડ (૧૦૦૦ લાખ !!!) જેટલા દેડકાઓની નિકાસ કરવામાં આવે છે. દેડકાનું માંસ પોતાની અસલ ગંધ ન ગુમાવે તે માટે દેડકાઓ જીવતા હોય ત્યારે જ ધારદાર ચપ્પાઓ વડે તેઓના પગ કાપી નાખવામાં આવે છે અને પછી બ્રિટન (ઇંગ્લેન્ડ) માં મોકલવામાં આવે છે. આવી ભયંકર ક્રૂરતા સામે રોયલ સોસાયટી બ્રિટન વિરોધ કરે છે. તેઓ પ્રચાર કરે છે કે, બ્રિટનમાં દેડકાઓના પગ ખાનારાઓ દેડકાઓના પગ કાપીને ક્રૂર રીતે તેઓને મારવામાં આવે છે તે દૃશ્યો નજરો નજર જુએ તો ખરીદી કરવાનું બંધ કરી દે. આટલી ક્રૂરતાપૂર્વક તેમના પગ કાપવામાં આવે છે.”

ઈ.સ. ૨૦૦૪ ના ‘વિશ્વ હિંદુ સમાચાર’ મેગેઝિનમાં લખ્યું છે કે, દર વર્ષે ભારતમાં ફક્ત ગાયો જ અઢી કરોડ કપાય છે ! આપણી કેન્દ્ર સરકાર સાપ, વાંદરાં,દેડકાં, માછલાં, ગાયો, ઘેટાં અને બકરાં વગેરે પ્રાણીઓનાં હાડકાં, ચરબી અને માંસની ધૂમ નિકાસ કરી અબજો રૂપિયાનું હૂંડિયામણું કમાય છે. આ દરેકમાં અપાર ક્રૂરતા રહેલી છે.

ચીન દેશમાં ઉંદર વગેરે પ્રાણીઓનું અથાણું કરી ખાવામાં આવે છે. અમેરિકામાં જીવતા સાપની દુકાનો છે ! તેમાં ખરીદનારાઓ જે સર્પને પસંદ કરે તુરંત તે સાપનું મુખ અને પૂંછડી ચપ્પાથી જીવતા જ કાપી નાખવામાં આવે છે તેથી તરફડીને સર્પ મરી જાય છે; આ રીતે ક્રૂરતાપૂર્વક મારેલ તે સાપને ઘેર લઈ જઈ બાફીને

મસાલા ભરી નિર્દય લોકો ખાય છે.

અનેક દેશોમાં અનેક પ્રકારના સંશોધનો માટે પણ કૂતરાંઓ, બિલાડીઓ અને વાંદરાંઓને ક્રૂરતા પૂર્વક જીવતા ચીરવામાં આવે છે. જૂના આંકડાઓ મુજબ દર વર્ષે કુલ ૬ કરોડ પ્રાણીઓને મારવામાં આવે છે ! અર્થાત્ ૬૦૦ લાખ નિર્દોષ પ્રાણીઓને મારવામાં આવે છે !! માણસ પૈસાના લોભને કારણે અને સ્વાદને કારણે એ ભૂલી જાય છે કે, પ્રત્યેક જીવ પ્રાણીમાત્રને પોતાનું જીવન વહાલું હોય છે.

## "જીવન જરૂરિયાત ચીજોમાં...."

વ્યાપક હિંસાને ટેકો આપનારાઓ ક્રીમ, ટૂથપેસ્ટ, ઇંડાં મિશ્રિત આઈસક્રીમ, શેમ્પુ, સુંવાળી ચંપલ,સુંવાળી મોજડી, સુંવાળા પટ્ટા અને પર્સ વાપરતી વખતે વિચારતા નથી કે તેઓ હિંસાને અનુમોદન આપીને એમાં પાપના ભાગીદાર બની રહ્યા છે. સુંવાળી ચંપલ-મોજડી અને સુંવાળાં પાકીટ વાપરનારાઓ યાદ રાખવું કે, 'કોઈ કુમળાં વાછરડાંઓની કે ઘેટાંઓની ચામડી જીવતા જ ઊતરડી લેવામાં આવે છે અને પછી જ આ વસ્તુઓ બને છે !'

આવી વસ્તુઓ વાપરનારાઓ એવો વિચાર કરે કે, "અમારી ચામડી કોઈ ઊતરડે અને અમોને જે અપાર વેદના થાય છે, એ જ રીતે તે અબોલ પ્રાણીઓને પણ પીડા થતી હશે." આવું સમજી જાય તો તે તત્કાળ એવી ચીજો વાપરવાનું બંધ કરી દે.

ઘણા સજ્જનો અને સત્સંગીઓ જાણતા હોય છે કે, "હું જે જે જીવન-જરૂરિયાતની ચીજ-વસ્તુઓ ટૂથપેસ્ટ, સાબુઓ, દવાઓ, ખાવાનાં પદાર્થો અને પીવાનાં પીણાંઓમાં પ્રાણીઓની ચરબી વગેરે આવે છે." તોપણ તેઓ હોંશે હોંશે નિર્ભય થઈને વાપરતાં હોય છે. એવા લોકોને દયાળુ કેમ કહેવા ?

તેઓ જાણતા હોય છે કે, જીવન જરૂરિયાતની તમામ ચીજ-વસ્તુઓ વેજીટેરિયન અર્થાત્ ચરબી વગરની પણ મળે છે; છતાં પણ તેઓ વાપરતા હોતા નથી. અરે ! અમુક સાધુ-સંતો પણ ચરબીવાળી ઉપરોક્ત ચીજ-વસ્તુઓ વાપરતા હોય છે અને તેઓ પોતાના પ્રવચનમાં ક્રૂરતા નિવારણ અને અહિંસાનો ઉપદેશ આપતા હોય છે! વાડ જ ચીભડાં ગળવા લાગે તો પછી વેલાઓ કોને ફરિયાદ કરે ?

પ્રાણીઓ પ્રત્યે અપાર કરૂણાવાળા સંસદ સભ્ય શ્રી મેનકા ગાંધીએ પોતાના એક લેખમાં લખ્યું હતું કે, "આઈસક્રીમની અમુક બનાવટોમાં તો કુમળાં પ્રાણીઓનાં આંચળ પણ વપરાય છે !" ઈટાલી દેશમાં તો ઘણા લોકો બોઈલ કરેલા કરચલા બહુ જ ખાય છે ! અર્થાત્ કરચલાઓને ઉકળતા પાણીમાં જીવતા નાખીને બાફવાનાં! પછી તેમાં મસાલા નાખી ખાવાના, તેને બોઈલ કરેલા કહેવાય છે.

સ્ત્રીઓ મેકઅપ કરતી હોય છે એવી ઘણી વસ્તુઓમાં ચરબી આવતી હોય છે, માટે સત્સંગી બહેનોએ આવી વસ્તુઓ ક્યારેય પણ વાપરવી ન જોઈએ. પોતાનો સંયમ અને સદાચારની સુંદરતાને પ્રગટ કરવી એ જ નારીનું શ્રેષ્ઠ સૌંદર્ય કહેવાય છે. જીવુબા, લાડુબા, મીરાંબાઈ અને ઝમકુંબાની જેમ પોતાની અંતરની સુંદરતાને પ્રગટ કરવી જોઈએ.

## "ગર્ભપાત"

જે માતાના હાથ પોતાના સંતાનને વહાલથી પંપાળી લેવા સતત તડપતા હોય, જે માતા પોતાના બાળકને ખાતર તમામ પ્રકારનાં કષ્ટો સહન કરવા માટે હંમેશાં તત્પર હોય અને જે માતાના હૃદયમાં વહેતાં વાત્સલ્યનાં ઝરણાંઓની પ્રશંસા કરતા કવિઓ,

લેખકો અને શાયરો ક્યારેય પણ થાકતા નથી. - એ જ માતા એક ડાકણ બની પોતાના જ ગર્ભમાં પોષાતા પોતાના જ સંતાનની ગર્ભપાત દ્વારા હત્યા કરાવે ત્યારે કવિઓ અને લેખકોની કલમને કેટલો ધક્કો લાગતો હશે ? મમતાની મૂર્તિ ગણાતી મા ક્રૂર બને ત્યારે જ આ વાત શક્ય બને છે.

વિજ્ઞાન અને સરકાર ભલે ગર્ભપાતને નિર્દોષ ગણે પરંતુ શાસ્ત્રોમાં તેને બાળહત્યા જ કહી છે અને તેનું પાપ તેને લાગે જ છે. આજે ગર્ભપાત ઘણા કારણોથી કરાવવામાં આવે છે. તેમાં વસ્તી વધારાનું બહાનું બતાવવામાં આવે છે, પોતાને પુત્રી જોઈતી ન હોય તેથી પણ ગર્ભપાત કરાવે છે અને ત્રીજું એ છે કે, લગ્ન થયા પહેલાં વાસનાનું પોષણ કરવા વિલાસી જીવન જીવે અને વિષય ભોગવે તેને કારણે ગર્ભ રહે, પછી લોકલાજથી બચવા માટે ડોક્ટરો પાસે જઈ ગર્ભપાત કરાવી નચિંત બની જઈ એક બાળકની હત્યાનું પાપ પોતાના નામે ધર્મરાજાના ચોપડે નોંધાવી દે છે !

૨૦૦ વર્ષ પહેલાં અમુક સ્ત્રીઓ પણ ગર્ભપાત કરાવતી હતી, તેથી જ ત્યારે શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં લખ્યું હતું: "મારી આશ્રિત જે સ્ત્રીઓ છે તેઓએ ગર્ભને પાડનાર જે સ્ત્રીઓ હોય તેનો સહવાસ ક્યારેય પણ ન કરવો." આ શ્લોકનો વિચાર સત્સંગી યુવતીઓએ કરવો જોઈએ. "એવી સ્ત્રી સાથે બહેનપણા કરવાની ભગવાન ના પાડે છે, તો પછી ગર્ભપાત તો કરાવાય જ કેમ ?"

આજે તો જાણે ગર્ભપાતની ફેશન નીકળી હોય એ રીતે વિશ્વમાં દર વર્ષે ૧૦ કરોડ અર્થાત્ એક  હજાર લાખ સ્ત્રીઓ નિર્ભય બની ગર્ભપાત કરાવે છે ! તેમાં ભારતની બસ્સો લાખ સ્ત્રીઓ અને અમેરિકાની ૪૦૦ લાખ સ્ત્રીઓ પણ દર વર્ષે ગર્ભપાત કરાવે છે !! જો કે અમુક સ્ત્રીઓને એમનો પતિ ગર્ભપાત કરાવવાની ફરજ પાડતો હોય છે.

ગર્ભપાત એ એક પ્રકારની ભયંકર ક્રૂરતા જ છે. દયાળુ હૃદયનાં સ્ત્રી-પુરુષો આવું જઘન્ય પાપ કરાવે જ નહિ અને સંવેદનશીલ ડોક્ટરો પણ પૈસાના લોભે ગર્ભપાત ક્યારેય પણ કરી આપે નહિ. - છતાં પણ આટલી આટલી ભૃણ હત્યાઓ થઈ રહી છે, ત્યારે એવું લાગે છે કે, એવા લોકોના હૃદયમાં દયા અને કરૂણા સુકાઈ ગઈ હશે અને મમતા મરી ગઈ હશે.

## "જાપાનમાં અણુબોંબ ફેંકાયા !"

અમેરિકાના ભયંકર આક્રમણને કારણે જે જે દેશો પર જાપાને વિજય મેળવ્યો હતો ત્યાં ત્યાંથી પીછેહઠ કરવાની ફરજ પડી, તેથી જાપાન જતી વખતે તેના સૈનિકો નિર્દય બની જીતેલા દેશોના નિર્દોષ લોકો પર હદપાર જુલ્મો કર્યા હતા અને હજારો લોકોને મારી નાખી પોતાનો ગુસ્સો ઉતાર્યો હતો.

પછી તો મરણિયા બનેલા જાપાની પાયલોટો વિમાન સહિત પ્રશાંત મહાસાગરમાં બ્રિટીશ અને અમેરિકન યુદ્ધ જહાજો પર ત્રાટકવા લાગ્યા ! તેના કારણે બન્ને દેશોના હજારો સૈનિકો મરવા લાગ્યા અને જહાજોનો ખાત્મો બોલવા લાગ્યો. જો આ રીતે જાપાનીઓ યુદ્ધ શરૂ રાખે તો બીજા લાખો સૈનિકો મૃત્યુ પામે એમ હતા, તેથી જાપાનને શરણે લાવવા અને વિશ્વયુદ્ધનો અંત લાવવા માટે અમેરિકાએ અણુબોંબ નાખવાનું નક્કી કર્યું.

અમેરિકાના તત્કાલીન પ્રમુખ થિઓડોર રૂઝવેલ્ટની આજ્ઞા થતા જ પશ્ચિમ પ્રશાંત મહાસાગરમાં આવેલા એક ટાપુ પરથી બી-૨૯ પ્રકારનું બોમ્બર વિમાન 'લિટલબોય' નામના ચાર ટન વજનના અણુબોંબ સાથે જાપાન તરફ રવાના થયું ! અને તા. ૬-૮-૧૯૪૫ના દિવસે સવારના સવા આઠ વાગે હિરોશીમા શહેર ઉપર અણુ બોંબ ફેંકાયો !

અણુધડાકો થયા પછી હિરોશીમાની ભૂમિ ૯૦૦૦' સેલ્શિયસની ધગધગતી ભઠ્ઠી બની ! હજારો લોકો એ ભઠ્ઠીમાં ભડથું થઈ ગયા! પ્રચંડ ધડાકાને કારણે કલાકના ૮૦૦ કિલોમીટરના વેગે જોરદાર વાવાઝોડું ફૂંકાયું. વિસ્ફોટના કેન્દ્રથી ૧૩ કિલોમીટર સુધીના પ્રદેશમાં કશું જ બચ્યું ન હતું. અણુધડાકાને કારણે હિરોશીમા શહેરમાં ૯૦ હજાર જાપાની લોકો મોતના મુખમા હોમાઈ ગયા હતા.

ત્યારપછી અમેરિકાએ બીજો અણુબોંબ ત્રીજા દિવસે તા. ૯-૮-૧૯૪૫ના દિવસે નાગાસાકી શહેરમાં નાંખ્યો ! અને તે 'ફેટ મેન' નામના બોંબે એ સમયે જ ૪૦ હજાર લોકોનો ભોગ લઈ લીધો! તેમજ બીજા હજારો નર-નારી અને બાળકો અણુબોંબના કિરણોત્સર્ગનો શિકાર બનીને લાંબે ગાળે મૃત્યુ પામ્યાં હતાં.

આ બે અણુબોંબ પડવાને કારણે જાપાનનું અભિમાન ઓગળી ગયું અને તેનો રાજા હિરોહિતોએ શરણાગતિનો દસ્તાવેજ લખી આપ્યો. તે સાથે જ વિશ્વયુદ્ધનો અંત આવી ગયો. તા. ૧-૯-૧૯૩૯ થી શરૂ થયેલા વિશ્વયુદ્ધનો અંત તા. ૨-૯-૧૯૪૫ ના દિવસે આવ્યો ! આ બીજા વિશ્વયુદ્ધમાં કુલ સાડા પાંચ કરોડ લોકો મૃત્યુ પામ્યા હતા !! ૧, ૧૫૪ અબજ ડોલરનો ખર્ચ થયો હતો અને ૨૩૯ અબજ ડોલરનું માલ-મિલકત વગેરેનું નુકશાન થયું હતું.

## "૬૦ લાખ યહૂદીઓનાં કરૂણ મોત"

જેવું જાપાનનું લશ્કર નિર્દય અને ઝનુની હતું એવું જ જર્મનીના હિટલરનું નાઝી સૈન્ય પણ નિર્દય ને ઝનુની હતું. એક રીતે જોઈએ તો હિટલર દેશ ભક્ત કહી શકાય- કારણ કે પોતાના દેશ પર ૨૩ દેશોએ મળી એ સમયના ૩૩ અબજ ડોલરનું યુદ્ધના નુકશાનનું બિલ જર્મન પ્રજાજનોને ફટકાર્યું હતું. તેમાંથી દેશને મુક્ત કરાવવા માટે તે મેદાને પડ્યો ને દેશના સાચા નાગરિક તરીકે

પોતાની ફરજ બજાવી.

બીજી રીતે જોઈએ તો તેણે નિર્દય બનીને થોડા શાહુકાર યહૂદીઓના કારણે યુરોપમાં રહેતા ૬૦ લાખ યહૂદીઓને નિર્દય રીતે ક્રૂરતાથી મરાવી નાખ્યા હતા. વાત જાણે એમ બનેલી કે એક બાજુ પ્રજા પર ૩૩ અબજ ડોલરનું દેવું હતું અને પ્રજા ગરીબી વેઠતી હતી; ત્યારે પણ યહૂદી શાહુકારો ઊંચા વ્યાજે ધિરાણ કરી હમદર્દ બનવાને બદલે એશ-આરામ કરતા હતા. આ કારણે જ હિટલર યહૂદી પ્રજાને પોતાના કટ્ટર દુશ્મન માનતો હતો.

પછી ઝનુને ચડેલા હિટલરની ગંભીર ભૂલ એ હતી કે માત્ર શાહુકારોને બદલે સમગ્ર યહૂદી કોમને તે દુશ્મન સમજી બેઠો હતો. તેના કારણે તો ઈ.સ. ૧૯૪૨ સુધીમાં સમગ્ર યુરોપના ૬૦ લાખ યહૂદી સ્ત્રી-પુરુષો અને બાળકોને ઝેરી ગેસની ચેમ્બરમાં નાખીને મારી નખાવ્યાં હતાં. માનવતાના નામે અરેરાટી ઉપાજાવે એવું ભયંકર કાર્ય હિટલરે કરાવ્યુ હતું.

તેણે નાઝી લશ્કરને એવો હૂકમ કરેલો કે, કોઈ પણ જગ્યાએ યહૂદીઓ મળે એ દરેકને બેરહેમીપૂર્વક મારી નાખવો. એના કારણે તો દુનિયાના શ્રેષ્ઠ વિજ્ઞાની ડૉ. આઈન્સ્ટાઈન જર્મની છોડીને અમેરિકા જતા રહ્યા હતા, કારણ કે તેઓ યહૂદી હતા. હજારો યહૂદીઓ માલ-મિલક્ત છોડીને છૂપી રીતે જર્મની છોડી ગુપ્ત સ્થાનોમાં સંતાઈ ગયા હતા. યહૂદીઓને મારનારમાં હિટલર પછી બીજો નંબર હતો નાઝી અફસર એડોલ્ફ આઈકમાનનો.

હિટલરે તો યહૂદીઓને મારી નાખવાનો હૂકમ આપ્યો હતો, પરંતુ આ અસુરે તો મોટી મોટી કાંટાળી વાડો બનાવી તેમાં હજારો બાળકો-સ્ત્રીઓ અને પુરુષોને પૂરી દીધાં હતાં. પછી ક્રમશઃ ટ્રકોમાં ભરી ગેસ ચેમ્બરમાં લઈ જઈ ઝેરી ગેસ છોડી તરફડિયા મરાવી મરાવીને યહૂદીઓને મરાવતો હતો ! આ પ્લાન આઈકમાન

અફસરનો હતો. ૬૦ લાખ નિર્દોષ યહૂદીઓની ક્રૂર રીતે હત્યા થઈ તેને કારણે તો ઈ.સ. ૧૯૪૮માં ઈઝરાઈલ દેશ જ્યારે અસ્તિત્વમાં આવ્યો ત્યારે ફક્ત ૨૦ લાખ જ યહૂદીઓ હતા.

## "સત્તાધીશોની અમાનવીય ક્રૂરતા"

ભક્તો ! જેના જીવનમાં ક્રૂરતા હોય છે તેમાં સદ્‌ગુણો ક્યારેય પણ આવતા જ નથી.- કારણ કે ક્રૂરતાનો પંજો હંમેશાં ઘાતક જ હોય છે. એ જ્યાં પડે ત્યાં અશાંતિ જ ઊભી થતી હોય છે. ભૌતિક ક્ષેત્ર હોય કે આધ્યાત્મિક ક્ષેત્ર હોય, પરંતુ ક્રૂરતાનાં પરિણામો હંમેશાં ખતરનાક જ આવતા હોય છે; જ્યારે કોમળ હૈયાનો માનવી બન્નેમાંથી ગમે તે ક્ષેત્રમાં જાય, તો પણ ત્યાં નવું જ વાતાવરણ ઊભું કરી દે છે. એનો પોતાનો આત્મવિકાસ ઝડપી બને છે અને સાથોસાથ પોતાના સમાગમમાં આવેલ અન્ય લોકોના આત્મવિકાસમાં પણ એ એટલો જ ઉપયોગી બને છે.

કોમળતા એ ધર્મની જનેતા છે, જ્યારે ક્રૂરતા એ પાપની જનેતા છે. કોમળતા સભર હૃદય અહિંસા ધર્મને ક્યારેય પણ છોડી શકે નહિ, જ્યારે ક્રૂરતા સભર હૃદય તેને ક્યારેય પણ અપનાવી શકે નહિ. એવા ક્રૂર લોકોનું હૃદય ભયંકર પાપો કરતા પણ અચકાતું નથી. દક્ષિણ-પૂર્વ એશિયાના પ્રાદેશિક ડિરેક્ટર ડૉ. યુર્ટાન મશ્ચાર રાફેલે જણાવ્યું છે કે, "વિશ્વમાં દર એક મિનિટે એક ખૂન થાય છે !" વિચાર કરો કે, દયાળુ માણસ ખૂન કરે ખરો ? ફક્ત અમેરિકામાં જ દર પાંચ મિનિટે એક બળાત્કાર થાય છે ! દયાળુ વ્યક્તિ નિર્દોષ સ્ત્રી પર બળાત્કાર કરે ખરો ?

એક બાજુ વિજ્ઞાને બહુ વિકાસ કર્યો છે, તો બીજી બાજુ અંદરની મૂડી સાવ ખલાસ થઈ ગઈ છે. તે બહુમૂલ્ય મૂડીનું નામ છે "લાગણી સભર હૈયું." આજે ઘણા લોકો માનવ તરીકે નહિ,

પણ યંત્રવત્ જીવી રહ્યા છે. અરે યંત્ર કરતાંય પણ બદતર જિંદગી જીવી રહ્યા છે. – કારણ કે યંત્ર પાસે તો દયા નથી, પરંતુ ક્રૂરતા સભર કાળજુ પણ નથી; જ્યારે માણસોના હૃદય તો યંત્રને પણ શરમાવે એવાં નિર્દયતને લુખ્ખાં હોય છે.

વૈજ્ઞાનિકો લાગણીશીલ અને માનવતાભર્યાં હૃદય ક્યારેય પણ બનાવી નહિ શકે. તેઓ ગમે તેટલી મહેનત કરે તો પણ યાતનાઓનાં કે કરૂણાનાં દૃશ્યો જોઈ માણસની આંખોથી વહી જતાં આંસુઓનું એક ટીપું પણ તેઓની લેબોરેટરીની ટેસ્ટ ટ્યુબમાં પેદા નહિ કરી શકે; એ આંસુઓ ઉત્પન્ન કરી શકે છે કરૂણા સભર હૃદય.

## "શોખ ખાતર ક્રૂરતા"

મુનિ રત્નસુંદરસુરિજીના શબ્દોમાં લખું તો, "ક્લોરોફોર્મની અસર હેઠળ રહેલા દર્દીને, જેમ પોતાના શરીરની થઈ રહેલી કાપકુપની કોઈ અસર થતી નથી, એ જ રીતે નિર્દયતાના ક્લોરોફોર્મની અસર હેઠળ રહેલા આજના મોટા ભાગના લોકોને ખુદના જીવનને પ્રેમમય બનાવનારી દયા વગેરે સદ્ગુણોની થઈ રહેલી ક્રૂર કતલની કોઈ અસર નથી. અરે ! ક્લોરોફોર્મની અસર હેઠળ થતા ઓપરેશનમાં તો ખરાબ ભાગ દૂર થતો હોય છે, જ્યારે આ નિર્દયતાના ક્લોરોફોર્મની અસર હેઠળ થતી પ્રવૃત્તિઓમાં તો આત્માની પ્રાણ સમાન ગણાતી દયા હણાઈ જાય છે.

નદી સુકાય અને સાગર મર્યાદા મુકે ત્યારે જે હોનારત સર્જાય એના કરતાંય ભયંકર હોનારત માણસોના દિલમાંથી જ્યારે કરૂણા સુકાય છે અને કઠોરતા વધે છે ત્યારે સર્જાય છે. પશુઓની

દુનિયામાં રાજા ગણાતા વનરાજ કેસરી સિંહની ક્રૂરતાની પણ હદ છે. એ સિંહ નિર્દોષ પશુઓને ત્યારે જ મારે છે કે જ્યારે તેમને પોતાનુ પેટ ભરવાનું હોય. અર્થાત્ જ્યારે તેમને બરાબર ભૂખ લાગી હોય, જ્યારે શિકારના શોખીન લોકો કેટલી ક્રૂરતાથી શિકાર કરી નિર્દોષ પ્રાણીઓની કતલ કરી પોતાને બહાદુર માનતા હોય છે.

આજે તો ઘણી જગ્યાએ ક્રૂરતાનો મનોરંજનમાં પણ ઉપયોગ કરાઈ રહ્યો છે. પક્ષીઓને, બકરાંઓને અને આખલાઓને સામસામે લડાવી નિર્દોષ પ્રાણીઓને મરાવી નાખવાનાં ! ઊંટની પાછળ પૂંછડીએ બાળકોને બાંધી ઊંટને રેસમાં દોડાવવાના !

આ વાતને સમર્થન આપતો એક મોતનો મેળાવડો પંજાબના ફગવારા નજીક યોજાઈ ગયો છે. આ મેળો હરિયાળા ઘાસના મેદાનમાં હતો. ત્યાં અનેક ગામડાંઓમાંથી લોકો ‘સસલા પકડ રેસ” જોવા માટે પ્રેમથી આવે છે અને જોવાની બદલીમાં પૈસા પણ આપે છે.

ત્યાં ૧૬૪ શિકારી કૂતરાંઓના કુલ કાફલા સાથે અનેકાનેક શોખીન લોકો પણ આવ્યા હતા. તે રમતમાં પ્રથમ સસલાને છોડે અને તેની પાછળ બે કૂતરાંને દોડાવે. એ કૂતરાં ઝડપથી દોડતા સસલાને પકડી ચુંથીને મારી નાખે ! તેમાં સૌથી વિજેતા બને તેને ‘વિજેતા શ્વાન’ તરીકે ઈનામ મળે.

રેસના અંતે લીલુંછમ મેદાન યુદ્ધભૂમિની જેમ લોહીથી ખરડાઈ ગયું હતું. લોકોના મનોરંજન માટે સેંકડો સસલાંઓ ક્રૂર રીતે મોતના મુખમાં હોમાઈ ગયાં હતાં ! વિદેશોમાં તો આવી અનેક રમતો રમાય છે, જેમાં પ્રાણીઓની ક્રૂરપણે કતલ કરવામાં આવે છે.

# "શિકારને કારણે"

વર્ષો પહેલાં અમુક ક્રૂર રાજાઓ એવા હતા કે, તેઓએ કામ કરવા રાખેલ હજારો ગુલામો વૃદ્ધ થઈ જાય અને કામ ન કરી શકે એટલે તે બધા જ ગુલામોને કિલ્લામાં પૂરી તેના પર ભૂખ્યા અને હિંસક પ્રાણીઓને છોડી મૂકતા. પછી પેલા પ્રાણીઓ નિર્દોષ ગુલામોને ફાડી ખાતાં ! કેટલાક ગુલામો ઘાયલ થયેલ હાલતમાં રીબાઈ રીબાઈને અંતે મોતને હવાલે થતા. આ રીતે ગુલામોનો અંત કરવામાં આવતો હતો.

જો કે હવે તો અનેક માનવતાવાદી મહાપુરુષોના પ્રયત્નોના કારણે રાષ્ટ્રસંઘના કાયદાથી ગુલામી પ્રથા બંધ થઈ ગઈ છે, તેથી તે ક્રૂરતા પણ બંધ થઈ ગઈ છે, પરંતુ નિર્દોષ પશુ-પક્ષીઓ પર થતી ક્રૂરતા હજુ બંધ થઈ નથી. અનેક દેશોમાં અને અનેક જંગલોમાં શિકાર કરવાની છૂટ હોય છે, તેના કારણે નિર્દય લોકો પોતાના શોખ ખાતર ત્યાં જઈને બિચારા નિર્દોષ પ્રાણીઓને ક્રૂર રીતે મારીને શિકારનો આનંદ લેતા હોય છે.

પાણી જ્યારે કાબુ બહાર જાય છે ત્યારે હોનારત સર્જાય છે, પવન જ્યારે કાબુ બહાર જાય છે ત્યારે વંટોળિયો સર્જાય છે, ચિનગારી જ્યારે કાબુ બહાર જાય છે ત્યારે દાવાનળ સર્જાય છે અને માણસ જ્યારે કાબુ બહાર જાય છે ત્યારે નિર્દોષ અને અબોલ પશુ-પક્ષીઓ પર કારમા અત્યાચારો કરે છે.

ભારતમાં હિમાલયના પહાડી જંગલોમાં પહેલાં લાખો કસ્તુરી હરણો હતાં. તેના પેડુ નજીક ડુટીમાં સુગંધીદાર કસ્તુરી બને છે. તે કસ્તુરીમાંથી અતિ મોંઘાં અત્તરો બને છે. તે કસ્તુરી મેળવવા માટે અને મૃગનું માંસ ખાવા માટે તેમજ તે હરણનું ચામડું વેચવા માટે ત્યાં બેફામ શિકાર ચાલું રહ્યો તેના કારણે હાલમાં કસ્તુરી મૃગની

જાતિનાં હરણો ફક્ત છ હજાર જ બચ્યાં છે.

ઈ.સ. ૧૪૯૨ માં સ્પેનની રાણી ઈસાબેલાની આજ્ઞાથી કોલંબસ ભારતની શોધ કરવા નીકળ્યો અને અમેરિકા ખંડ શોધી કાઢ્યો, ત્યારે અમેરિકામાં પેસેન્જર પિજીયન જાતના ૩૦૦ કરોડ કબૂતરો હતાં ! પછી તેની વસ્તી વધતી જ ગઈ તેના કારણે ૧૯ મી સદીના મધ્ય ભાગ સુધીમાં તો કબૂતરોનો આંક ૬૦૦ કરોડ થઈ ગયો !!

ત્યારબાદ ગોરા લોકોએ બેફામ શિકાર કરવાનું શરૂ કર્યું, તેના કારણે ફક્ત ૫૦ વર્ષમાં જ છ અબજનો નાશ થઈ ગયો !! તે જાતિની છેલ્લી કબૂતરી તા. ૧-૯-૧૯૧૪ના રોજ અમેરિકાના "સિનસિનાટી પ્રાણીબાગ" માં મૃત્યુ પામી તેથી તે જાતિનું અસ્તિત્વ મટી ગયું ! હાલમાં અમેરિકામાં જે કબૂતરો છે, તે તો ભારતમાં જે કબૂતરો છે તે જાતિનાં છે, પણ પેસેન્જર પિજીયન જાતનો તો નાશ થઈ ગયો છે.

## "રેડ ઈંડિયનોની કત્લેઆમ"

જનરલ નોલેજ માટેનું શ્રેષ્ઠ મેગેઝિન 'સફારી' અમદાવાદથી દર મહિને પ્રસિદ્ધ થાય છે. તેમાં એકવાર અમેરિકાની શોધ બાબતનો લેખ આવ્યો હતો. તેમાં લખ્યું હતું કે, "૨૬ હજાર વર્ષો પહેલાં રશિયા દેશના સાઈબિરિયા પ્રદેશમાં મોંગોલોઈડ વંશના હજારો આદિવાસીઓ રહેતા હતા. એકવાર ઉત્તરધ્રુવ પ્રદેશમાં અતિ હિમયુગ શરૂ થયો. તેથી તે બધાં જ સ્ત્રી-પુરુષો અલાસ્કાના માર્ગે થઈ અમેરિકા પહોંચ્યા ને ત્યાંજ રહેવા લાગ્યાં. તે સમયે અમેરિકા ખંડમાં કોઈ પણ જગ્યાએ મનુષ્યોની વસ્તી ન હતી !

તે સમયમાં અમેરિકામાં હાથીઓ, ગોધાઓ અને અન્ય પશુ-

પક્ષીઓની સંખ્યા વિશાળ પ્રમાણમાં હતી, તેથી તે લોકો તેનો શિકાર કરી જીવન નિર્વાહ ચલાવવા લાગ્યા. પછી તો તેઓ હજારો વર્ષ સુધી દુનિયાના દેશોથી અલગ રહ્યા. ત્યારબાદ ઈ.સ. ૧૪૯૨ માં સ્પેશન દેશની રાણી "ઈસાબેલા"ની આજ્ઞાથી ભારત દેશની શોધ કરવા માટે નીકળેલ કોલંબસ નામના ખલાસી પોતાના સાથીઓ સાથે અમેરિકાખંડના બહામાઝને કાંઠે પહોંચી ગયા.

અમેરિકાને તેમણે ભારત માની લીધું અને ત્યાં રહેતા મૂળ રશિયન આદિવાસીઓને લાલ ચામડીવાળા જોઈને તેઓનુ "રેડ ઇંડિયન્સ" નામ પાડ્યું. કોલંબસે અમેરિકાની શોધ કરી ત્યારે અમેરિકામાં ૨૦ લાખ રેડ ઇંડિયન્સની વસ્તી હતી. ત્યાર પછી ઈ.સ. ૧૫૦૩ માં ઈટાલી દેશનો વહાણવટી 'અમેરિગો વેસ્પુસી' પોતાના સાથીઓ સાથે અમેરિકા ગયો અને થોડો સમય બધે ફરીને પાછો આવ્યો. તેણે અમેરિકાના ઘણા નકશાઓ બનાવ્યા હતા તેથી અમેરિકા નામ પાડવામાં આવ્યું છે.

ત્યારબાદ ઈ.સ. ૧૬૧૦માં ઇંગ્લેન્ડ દેશના વહાણોનો મોટો કાફલો અમેરિકા ગયો. તે લોકોએ 'જેમ્સ ટાઉન' નામનું પ્રથમ નગર સ્થાપ્યું. પછી તો યુરોપ ખંડના સ્પેન, હોલેન્ડ, ફ્રાંસ અને આયર્લેન્ડ વગેરે અનેક દેશોના લોકો આવવા લાગ્યા તેથી ૧૮ મી સદીમાં બહારના લોકોની વસ્તી ૨૦ લાખની થઈ ગઈ.

પછી તો પોતાની સત્તા સ્થાપવા માટે ૨૦ લાખ રેડ ઇંડિયનોની (આદિવાસીઓની) બેફામ કતલ કરવા લાગ્યા. તે લોકોનો ખોરાક બાયસન ગોધા હતા તેથી યુરોપિયનોએ નિર્દય બની પાંચ કરોડ બાયસન ગોધાઓને મારી નાખ્યા !! તેના કારણે રેડ ઇંડિયનો ભૂખમરાથી મરવા લાગ્યા. હાલમાં તો થોડા લોકો જ તે જાતિના બચ્યા છે અને દરિયા કિનારે એ જ હાલતમાં રહે છે.

# "ધર્મના નામે ક્રૂરતા"

ભક્તો ! શ્રીચંદ્રશેખરવિજયજી સાહેબના પુસ્તક "દેશ આબાદ પ્રજા બરબાદ" માં વર્ણવ્યા મુજબ વેટિકન દેશમાં રહેતા ખ્રિસ્તીઓના વડા ધર્મગુરૂ પોપે વિશ્વના દેશો ઉપર ખ્રિસ્તીધર્મની સ્થાપના કરવા માટે કેટલા કુકર્મો કરાવ્યા હતા અને તે તે દેશોની સ્થાનિક પ્રજા ઉપર કેટકેટલા અત્યાચારો કરાવ્યા હતા તેની માહિતી 'ડેવીડ સ્ટેનાર્ડ' નામના લેખકે 'અમેરિકન હોલોકાસ્ટ' નામના પુસ્તકમાં આપી છે.

સોળમી સદીના અંત સુધીમાં વેસ્ટ-ઈન્ડીઝ, મેક્સિકો અને મધ્ય અમેરિકામાં ૬ થી ૮ કરોડ નર-નારીઓ ક્રૂરતા સભર કત્લેઆમના કારણે નાશ પામ્યાં હતાં ! માત્ર પનામા પ્રદેશમાં જ ઈ.સ. ૧૫૧૪ થી ૧૫૩૦ વચ્ચેના ફક્ત ૧૬ વર્ષમાં જ આશરે ૨૦ લાખ લોકોને ક્રૂરપણે મારી નાખવામાં આવ્યા હતા !

બ્રાઝીલ દેશની મૂળ પ્રજાની વસ્તી ૧૦ લાખ નર-નારીઓની હતી, પરંતુ ત્યાં પણ પોર્ટુગલ દેશના પોર્ચુગીઝ ગોરાઓની કત્લેઆમના કારણે ૧૦ લાખમાંથી ફક્ત બે લાખ જ લોકો બચી શક્યા હતા, બાકીના આઠ લાખ નર-નારીઓને ક્રૂરપણે અત્યાચારો કરી મારી નાખ્યાં હતાં.

પત્રકાર જહોન કોર્નવોલ લખે છે કે, "ચુસ્ત કેથેલિક ધર્મીઓએ ધર્મના નામે એક કરોડ પોતાના જ ધર્મના લોકોને મારી નાખ્યા છે !! જર્મનીમાં ૧૦ હજાર નિર્દોષ સ્ત્રીઓને કેથલિક ધર્મમાંથી બીજો ધર્મ સ્વીકારવા બદલ મારી નાખી હતી."

૧૪મી સદીમાં મુસ્લિમ સામ્રાજ્ય ધરાવતા તુર્કીદેશના શહેનશાહની આજ્ઞાથી તેના ક્રૂર સૈનિકોએ આખા યુરોપ ખંડના દરેક દેશો પર ક્રમશઃ આક્રમણ કરવાનું શરૂ કર્યું અને મુસલમાન

બનવાની ના કહેતા તમામ નર-નારીઓને ક્રૂરતાથી મારી નાખવામાં આવ્યાં. આક્રમણ પાછળ ઈસ્લામ ધર્મ સ્થાપવાનું ષડ્યંત્ર સાંભળીને દરેક ખ્રિસ્તી સામ્રાજ્યોએ તુર્કી દેશ સામે યુદ્ધ જાહેર કરી દીધું !

આ યુદ્ધમાં બન્ને પક્ષના લાખો નહિ, પરંતુ કરોડો લોકોને સામસામા ક્રૂરતાથી મારી નાખવામાં આવ્યા. ઈતિહાસમાં આ યુદ્ધ ધર્મયુદ્ધ તરીકે જાણીતું થયું છે. આ યુદ્ધ ૩૦૦ વર્ષ સુધી શરૂ રહ્યું હતું !! શાર્લમેન ખ્રિસ્તી ધર્મનો શક્તિશાળી રાજા હતો. તેણે સેક્સન પ્રજાને જીતી લીધી અને કહ્યું : “કાં તો મરવા તૈયાર થઈ જાવ, અથવા તો ખ્રિસ્તીધર્મનો સ્વીકાર કરો.” પરંતુ કોઈ જ તૈયાર ન થયા તેથી ક્રૂર રીતે બધાને જ મારી નાખ્યા !

દુનિયાના કોઈ પણ ધર્મમાં હિંસાને સ્થાન હોતું જ નથી. અને વળી પોતાના ધર્મ માટે બીજાઓનું ધર્માંતર કરાવવું અને એ પણ તલવારને જોરે ? ઈ.સ. સાતમી સદીમાં સાઉદી અરેબિયા દેશના મક્કા નગરમાં જન્મેલ અને ઈસ્લામ ધર્મના સ્થાપક એવા મહંમદ સાહેબે ક્યાંય કહ્યું નથી કે, નિર્દોષ લોકોને બળજબરીથી મુસલમાન બનાવજો અને ન માને તો તેવા લોકોની કત્લ કરજો.

## “નિજ સ્વાર્થ માટે ક્રૂરતા”

ભક્તો ! કુરાને શરીફમાં (કુરાનમાં) એવું લખ્યું છે કે, “પરમાત્માએ મનુષ્યનું સર્જન ઉત્તમ તરીકાથી કર્યું છે,” પરંતુ આવો માણસ જ્યારે હલકાઈ પર ઉતરે છે ત્યારે તે અધમથી પણ અધમ બની જાય છે. આ પૃથ્વી પર માણસે જે પ્રકારે નિજ સ્વાર્થ માટે લોહીની નદીઓ વહેવડાવી છે, એટલું લોહી બીજાં કોઈ પ્રાણીઓએ વહેવડાવ્યું નથી. માણસે જેટલી ક્રૂરતા આચરી છે, એટલી ક્રૂરતા કોઈ પ્રાણીઓએ આચરી નથી, ઈતિહાસ એની સાક્ષી પૂરે છે.

જુઓ મહાભારતનો ઇતિહાસ, સિકંદરનો ઇતિહાસ, સેનાપતિ હનિબાનો ઇતિહાસ, મોગલોનો ઇતિહાસ, ચંગીઝખાનનો ઇતિહાસ, નેપોલિયનનો ઇતિહાસ અને ૨૦ મી સદીનાં બે વિશ્વયુદ્ધનો ઇતિહાસ આ દરેકના ઇતિહાસમાં નિર્દોષ લોકોની કતલથી લોહીની નદીઓ ઊભરાઈ હતી !

ઈ.સ. પૂર્વે ૫૫૮માં ઈરાનના હખામની વંશના રાજા કુરુષે વિશાળ સેના લઈ ભારત પર આક્રમણ કરી લાખો લોકોની કત્લેઆમ કરી હતી. આના જવાબમાં તે સમયના સિંધ પ્રદેશના હિંદુ વીર રાજાએ કુરુષની આખી સેનાનો નાશ કરી નાખ્યો હતો ! ફક્ત સાત સૈનિકો જ ભાગીને છુપી રીતે ઈરાન પહોંચી શક્યા હતા !

ઈ. પૂર્વે ૫૨૧માં ઈરાનના રાજા દારાએ આક્રમણ કરી હજારો લોકોને ક્રૂર પણે મારી નાખ્યા હતા. ઇ.સ. પૂર્વે ૩૨૭ માં ગ્રીસ દેશનો સમ્રાટ સિકંદર અનેક દેશોમાં કાળો કેર કરતો કરતો લાખો લોકોને મારી નાંખી તે તે દેશો પર પોતાનો વિજય ધ્વજ ફરકાવીને અફઘાનિસ્તાનમાં આવ્યો. ત્યાંની અશ્મક જાતિ શરણે ન થઈ તેના કારણે સામસામે યુદ્ધ થયું તેમાં નિર્દયતા પૂર્વક લાખોની સંખ્યામાં તે જાતિના દરેક લોકોની કત્લ કરી નાખી અને આખી અશ્મક જાતિનો નાશ કરી હાહાકાર કરી મૂક્યો. પછી પંજાબના રાજા પોરસ સાથે યુદ્ધ થયું તેમાં પણ બન્ને પક્ષોના હજારો સૈનિકોનાં મોત થયાં હતાં.

ઇ.સ. પૂર્વે ૧૬૨માં બૈક્ટ્રીયા (સીરીયા)ના યુકેટિડસે ભારત પર આક્રમણ કરી હજારો નિર્દોષ નર-નારીઓની કત્લેઆમ કરી હતી. ચીન દેશના યુ.ચી. જાતિના લોકોનો સમૂહ મોટો હતો. તેઓ ઝનુની અને સત્તા ભૂખ્યા હોવાથી અનેક દેશો પર અતિશય અત્યાચાર કરી પોતાનું સામ્રાજ્ય સ્થાપી ભારતમાં આવી હજારો હત્યાઓ કરી શાસન સ્થાપ્યું હતું. તેમાં ઈ.સ. ૧૨૦ થી ૧૬૨ સુધી કનિષ્ઠ સમ્રાટ થયો હતો. તે રાજાએ જીવન પર્યંત અનેક યુદ્ધો કરી નિર્દોષ નાગરિકો અને સૈનિકોની બેફામ કત્લેઆમ કરી હતી.

# "જેહાદના નામે ક્રૂરતા"

ભક્તો ! ઈસ્લામ ધર્મના મુખ્ય ધર્મગ્રંથ કુરાનની પાંચમી સુરામાં (અધ્યાયમાં) બત્રીશમી આયાત (શ્લોક) માં લખ્યું છે કે, મહંમદ પયંગબર સાહેબે મક્કાનગરમાં તેમની છેલ્લી હજ (યાત્રા)ના ઉપદેશમાં હજારો હાજી (યાત્રાળુ)ઓને કહ્યું હતું કે, "અલ્લાહે તમોને રક્તપાત કરવાની છૂટ આપી નથી. તમારે કોઈની મિલક્ત હડપ કરવી નહિ અને કોઈની હત્યા કરવી નહિ - કારણ કે, એકની હત્યા કરવાથી અનેકને મારવાનું પાપ લાગે છે."

જેહાદનો અર્થ પોતાના અંતઃશત્રુ સાથે લડાઈ કરવી એવો થાય છે, જ્યારે એનો અર્થ મોટા ભાગના રૂઢિચુસ્તોએ એવો કર્યો કે, બિન મુસ્લિમો સામે લોહિયાળ સંઘર્ષ કરવો ! આવા અનર્થને કારણે તો ભારતમાં વારંવાર કોમી રમખાણો થઈ રહ્યાં છે અને હજારો નિર્દોષોની ક્રૂરપણે હત્યાઓ થઈ છે અને થઈ રહી છે.

ઇ.સ. ૧૯૪૭ માં જ્યારે ભારત-પાકિસ્તાન બે દેશો થયા ત્યારે કોમવાદને કારણે જ હિંદુ-મુસલમાનો પરસ્પર માનવતા મૂકી શેતાનિયત ગ્રહણ કરી એક બીજાને ક્રૂર રીતે મારી નાખતા હતા. આ રમખાણોમાં છ લાખથી દસ લાખ લોકોની કત્લેઆમ થઈ હતી ! આટલી વિશાળ સંખ્યામાં નર-નારીઓ મોતને ભેટ્યાં હતાં. આ સિવાય અનેક વખતે કોમી રમખાણોમાં સેંકડો લોકોની ક્રૂર રીતે હત્યાઓ કરવામાં આવી છે.

હમણા ઇ.સ. ૨૦૦૨માં જ ગોધરાકાંડ હિંદુ-મુસ્લિમ હુલ્લડો ફાટી નીકળ્યાં ત્યારે પણ બન્ને કોમોના હજારો નિર્દોષ લોકોની હત્યાઓ કરવામાં આવી હતી અને એકબીજા કોમની નિર્દોષ નારીઓ પર સામુહિક પાશવી બળાત્કારો પણ થયા હતા !

ભારતમાંથી પાકિસ્તાન જુદું થયું ત્યારે પાકિસ્તાનમાં લાખો

INDEX



હિંદુઓ રહેતા હતા. તે સમયે હુલ્લડો ફાટી નીકળ્યાં ત્યારે હિંદુઓની કન્યાઓને ઘરમાંથી લઈ જઈ સામુહિક બળાત્કારો કરી ક્રૂરપણે મારી નાખવામાં આવી હતી અને ઘણી સ્વરૂપવાન યુવતીઓને લઈ જઈ જબરજસ્તીથી પોતાની પત્નીઓ બનાવી દીધી હતી; જેમાંથી હાલ ઘણી સ્ત્રીઓ જીવે છે.

ઈસ્લામ ધર્મમાંથી અલગ થયેલ સૂફી સંપ્રદાય છે. તેઓએ જેહાદનો અર્થ પોતાની જાત સાથે લડવાનો કર્યો છે. તેઓએ કહ્યું છે કે, "તલવારની મદદથી બહારના શત્રુઓ સામે જેહાદ (ધર્મયુદ્ધ) કરવા કરતાં પોતાની જાત સાથે જેહાદ કરવી ઘણી કઠણ છે."

## "મહંમદ બીન કાસમ"

ઇ.સ. ૭૧૧ માં ઇરાન દેશના ખલીફાના સુબા અલહજ્જાજે પોતાના ભત્રીજા અને જમાઈ એવા ૧૭ વર્ષના મહંમદ બીન કાસમ નામના લબર મૂંછીયા યુવાનને મુખ્ય સેનાપતિ બનાવી વિશાળ સેના સાથે સિંધ પ્રદેશમાં મોકલ્યો હતો. ત્યાં આવીને તેણે દેબુલનગર જીતી લીધું. પછી આખા રાજ્યની વસ્તીને એક મોટા મેદાનમાં ઊભી રાખીને કહ્યું : "હવેથી આ નગરનો સુલતાન હું છું, માટે મારી આજ્ઞા છે કે તમો દરેક નર-નારીઓ મુસલમાન બની જાઓ; નહિતર હું બધાને જ મારી નાખીશ."

આવું કહ્યું તો પણ કોઈ તૈયાર ન થયું, એટલે સત્તાની રૂએ હૂકમ કર્યો : "સત્તર વર્ષથી મોટી ઉંમરના દરેક સ્ત્રી-પુરૂષોની હત્યા કરી નાખો." એજ સમયે સૈનિકોએ ક્રૂર રીતે આખા નગરનાં નર-નારીઓની તિક્ષ્ણ હથિયારો વડે હત્યાઓ કરી નાખી ! સત્તર વર્ષથી નીચેનાં દરેક યુવકો અને યુવતીઓને ગુલામ બનાવી દીધાં.

– (અહેવાલ "ભારત વર્ષકા સંપૂર્ણ ઇતિહાસ." પુસ્તકમાંથી.)

# "મહંમદ ગઝની"

અફઘાનિસ્તાનના ગઝની પ્રદેશનો સુલતાન મહંમદ અતિ ક્રૂર હતો. હિંદુધર્મ, હિંદુઓ અને ભારત પ્રત્યે તેને અતિ ઘૃણા હતી. વળી તે ધનનો લોભી હતો. તેને કારણે તેણે અનેક વાર ભારતનાં અનેક રાજ્યો પર આક્રમણ કરી નિર્દોષ લોકોની ક્રૂરપણે કતલો કરી હતી. ઇ.સ. ૧૦૦૪ માં ભાટિયા નગરમાં ચડાઈ કરી હજારો લોકોની ક્રૂર રીતે હત્યાઓ કરી અનેક મંદિરો તોડી નાખ્યાં હતાં અને તે નગરની હજારો સ્વરૂપવાન સ્ત્રીઓને બળજબરી પકડીને ગઝની લઈ ગયો હતો.

ઇ.સ. ૧૦૦૯ માં ભારત પર આક્રમણ કરી ૬૦ હજાર રજપૂતોને મારી નાખ્યા હતા ! કાશ્મીરમાં જઈને હજારો નર-નારીઓને અનેક યાતનાઓ આપી જોર જુલ્મથી મુસલમાન બનાવ્યા હતા. ત્યારબાદ થાણેશ્વર જઈને ત્યાંનાં પ્રસિદ્ધ મંદિરનો નાશ કરી અઢળક ધન લૂંટ્યું હતું અને એ સમયમાં ભારતમાંથી બે લાખ સ્ત્રી-પુરુષોને ગુલામ બનાવી ગઝની લઈ ગયો હતો.
– (અહેવાલ : "પ્રભાસ અને સોમનાથ" પુસ્તકના આધારે.)

ઇ.સ. ૧૦૧૯ માં કનોજ રાજ્ય પર આક્રમણ કરી હજારો નિર્દોષોની હત્યાઓ કરી કનોજ રાજ્યમાં આવેલ દસ હજાર મંદિરોનો નાશ કર્યો ! ત્યારબાદ તે પાપી મથુરા અને વૃંદાવન ગયો. બન્ને પવિત્ર ધામને પ્રથમ લૂંટી સંપત્તિ ભેગી કરી દરેક મંદિરો અને તે મંદિરોમાં રહેલી મૂર્તિઓને તોડી નંખાવીને બન્ને ધામને સળગાવી નાખ્યાં ! અને તેમાં રહેલાં ત્રેપન હજાર નર-નારીઓને ગુલામ બનાવી લઈ ગયો.

ઇ.સ. ૧૦૨૫ માં પાટણ આવી હજારોની કત્લેઆમ કરી પાટણને લૂંટ્યું અને પાટણમાં રહેલાં દરેક મંદિરોનો નાશ કર્યો. પછી મોઢેરામાં આવી રજપૂતો સાથેના યુદ્ધમાં વીશ હજાર રજપૂતોને

મારી નાખ્યા. ત્યારબાદ દેલવાડા જઈ ત્યાં બંધાયેલાં નાનાં-મોટાં હજારો મંદિરોને તોડી નાખ્યાં.

ત્યાર પછી તા. ૬-૧-૧૦૨૬ના ગોઝારા દિવસે પવિત્ર સોમનાથ મંદિરને લૂંટ્યું. મંદિરને બચાવવા આવેલા તમામ રજપૂતો અને અન્ય લોકો યુદ્ધમાં મૃત્યુ પામ્યા. પ્રથમ દિવસે જ ૫૦ હજાર શહીદ થઈ ગયા. ! તે સમયે અર્થાત્ નવસો વર્ષ પહેલાં દસ કરોડ દીનારની સંપત્તિ લૂંટી,મંદિર તોડી ૫૦ હજાર યુવાન સ્ત્રી-પુરુષોને ગુલામ બનાવી લઈ ગયો ! તે જ્યારે સોમનાથ લૂંટવા આવ્યો ત્યારે તેની પાસે એક લાખ પાંચ હજાર પાયદળ (જમીન પર ચાલનાર સૈનિક) હતું, ૫૦ હજાર ઊંટો અને તેના પર બેસનાર ૫૦ હજાર સ્વારો હતા અને ૩૦ હજાર ઘોડેસ્વારો હતા !

આટલી વિશાળ સેના લઈને આવ્યો હતો, પરંતુ સોમનાથ આવતાં અને સોમનાથથી ગઝની જતી વખતે રસ્તામાં અનેક રાજાઓ સાથે યુદ્ધો થયાં હતાં, તેના કારણે ગઝની પહોંચ્યો ત્યારે તેની પાસે ફક્ત બે હજાર સૈનિકો જ જીવતા રહી શક્યા હતા ! બાકીના એક લાખ અને ૮૩ હજાર સૈનિકોને ભારતના જુદાં જુદાં રાજ્યોના રાજાઓના સૈનિકોએ મારી નાખ્યા હતા !

ગઝની અને હિરાત વચ્ચે ગોર (ઘોર) નામનું રાજ્ય હતું. મહંમદ ગઝનીએ એ રાજ્ય જીતી લીધું હતું, પરંતુ ઇ.સ. ૧૦૩૦માં તેનું મૃત્યુ થયું ત્યારબાદ ત્યાંના ઘોરીઓએ (ઘોરી) પાછું મેળવીને ત્યાંના અલ્લાઉદ્દીન હસને ગઝની નગરને સતત સાત દિવસ સુધી લૂંટ્યું અને હજારો લોકોની ક્રૂરપણે હત્યાઓ કરી નાખી. ત્યાર પછી આખા ગઝનીને આગ લગાડી સળગાવી નાખ્યું. મહંમદે ભારતને લૂંટી તે સંપત્તિથી ગઝનીને અતિ સુંદર બનાવ્યું હતું તેને હસને ખંડેર બનાવી દીધું. - (અહેવાલ : “ભારતીય યુદ્ધોનો સંક્ષિપ્ત ઇતિહાસ” પુસ્તકના આધારે)

## "મહંમદ ઘોરી"

મહંમદ ગઝનીના ગઝની રાજ્યનો નાશ કરનાર ગઝનીનગરનો સુલતાન સમય જતા મહમંદ ઘોરી બન્યો હતો. તેણે ઇ.સ. ૧૧૭૮માં ભારત પર આક્રમણ કરીને અનેક રાજ્યોને જીતીને ગુજરાતના રાજા ભીમદેવ બીજા સાથે યુદ્ધ કર્યું, પરંતુ તેને બહાદુર ભીમદેવે હરાવી દીધો.

પછી ફરીવાર ઇ.સ. ૧૧૯૨માં ઘોરીએ દિલ્હી પર આક્રમણ કર્યું પણ ત્યાંના શૂરવીર રાજા પૃથ્વીરાજ ચૌહાણે તેને હરાવી દીધો. એટલે ફરીવાર દગો કરીને પૃથ્વીરાજને હરાવી હજારો લોકોની કત્લેઆમ કરી હાહાકાર મચાવી દીધો.

પછી તો ઘોરીએ અજમેરનાં તમામ મંદિરો તોડી નાખ્યાં ! અને દિલ્હીમાં પોતાના ગુલામ કુતુબદ્દીન ઐબકને સુબા તરીકે સત્તા સોંપી તે ગઝની જતો રહ્યો. બસ ત્યારથી દિલ્હીમાં રજપૂતોની સત્તા ગઈ અને મુસ્લિમની સત્તા શરૂ થઈ ! પોતાના હાથમાં શાસન આવ્યા પછી ક્રૂર કટ્ટરવાદી કુતુબુદ્દીન ઐબકે હિંદુઓનાં મંદિરો તોડાવવાનાં શરૂ કરાવ્યાં તેથી હજારો મંદિરોનો નાશ થઈ ગયો !

મહંમદ ઘોરીનો સેનાપતિ મહંમદ બીન બખ્તિયાર ખિલજી ઇ.સ. ૧૧૯૯ માં બિહાર ગયો. ત્યાં હજારો નિર્દોષ લોકોની કત્લેઆમ કરી વિશ્વ પ્રસિદ્ધ 'નાલંદા વિદ્યાપીઠ' કબ્જે કરી ત્યાં રહેલા તમામ બૌદ્ધ ધર્મના સંતોની ક્રૂર રીતે કતલ કરી વિશાળ પુસ્તકાલયમાં આગ લગાડી લાખો પુસ્તકોને સળગાવી દીધાં ! અને સંપૂર્ણ નાલંદા નગરીનો નાશ કરી નાખ્યો.

ઇ.સ. ૧૨૦૬ માં પંજાબમાં વિદ્રોહ થયો, તેથી તે વિદ્રોહને દબાવવા માટે મહંમદ ઘોરી ગઝનીથી (અફઘાનિસ્તાનથી) પાછો પંજાબ આવ્યો અને વિદ્રોહ કરનારા હજારો લોકોને ક્રૂરપણે રીબાવી

INDEX



રીબાવીને મારી નાખ્યા ! પછી તે પાછો જતો હતો ત્યારે સિંધુ નદીને કિનારે છાવણીમાં બેઠો હતો તે સમયે કેટલાક ઇસ્માઇલિયા મુસ્લિમો છાવણીમાં ઘૂસી ગયા અને મહંમદ ઘોરીની ક્રૂરપણે હત્યા કરી નાખી.

- (અહેવાલ : "ભારતીય યુદ્ધોનો સંક્ષિપ્ત ઇતિહાસ")

## "ચંગીઝખાન"

ઇ.સ. ૧૧૬૩ માં ચંગીઝખાન ચીનમાં જન્મ્યો હતો. તે મુસ્લિમ ન હતો, પણ મંગોલ જાતિનો હતો. તે અતિ ક્રૂર સ્વભાવનો હતો. ચીનમાં તાતારીઓ જાતિ હતી. તે જાતિના લોકોએ ચંગીઝખાનના પિતા અન્હવઈને ઝેર આપી મારી નાખ્યા હતા તેથી ચંગીઝખાને મોટા થઈને તાતારીઓની આખી જાતિની ક્રૂર રીતે કત્લેઆમ કરી નાખી હતી. તેણે એક પણ બાળક કે સ્ત્રીને જીવતી રહેવા દીધી ન હતી.

ચંગીઝખાનનું મૂળ નામ તો તેમુચી હતું. તેણે ઉત્તર ચીનના રાજા કિનને જીતીને તેનાં અનેક નગરો લૂંટી તેમાં રહેતાં નર-નારીઓની હત્યા કરાવી નાખી હતી. ત્યારબાદ મુસ્લિમ દેશો પર આક્રમણ કરી પોતાની ધાક જમાવી દીધી હતી. ખુરાસાનમાં જઈ હજારો સૈનિકોને મારી નાખ્યા હતા. સુગનાક રાજ્યમાં જઈ તમામે તમામ મુસ્લિમોને મારી નાખ્યા હતા. ફનાક્ત રાજ્યની સેનાનો સંપૂર્ણ નાશ કરી નાખ્યો હતો ! ખોરંજ રાજ્યમાં કત્લેઆમ કરી જીવતા રહેલા ૫૦ હજાર મુસલમાનોને ગુલામ બનાવ્યા હતા.

ખ્વારજમ રાજ્યને સતત ૯ દિવસ સુધી લૂંટીને હાહાકાર મચાવી દીધો હતો. બુખારા રાજ્યને લૂંટી સમસ્ત સૈનિકોની ક્રૂરપણે હત્યા કરાવી આખા રાજ્યમાં આગ લગાડી દીધી હતી ! સમરકંદ નગરમાં નગરને લૂંટી તેનું રક્ષણ કરતા વીશ હજાર સૈનિકોને મારી

નંખાવ્યા હતા, અને નગરની યુવાન યુવતીઓ અને યુવાનોને ગુલામ બનાવી લઈ ગયો હતો. ફરીને ઇ.સ. ૧૨૨૧મા ખ્વારજમ રાજ્યને લૂંટી એક એક સૈનિક દ્વારા ચોવીશ મનુષ્યોની હત્યા કરાવી હતી ! આ હત્યાકાંડમાં લાખો નિર્દોષ નર-નારીઓની કત્લેઆમ કરી હતી !!

હિરાત નગરના ૧૨ હજાર સૈનિકોને મારી નાખી નગર કબજે કર્યું. પછી ત્યાંના લોકોએ વિદ્રોહ કર્યો ને હિરાત નગર પાછું મેળવ્યું. આવી વાત સાંભળતાં જ મહા શેતાન ચંગીઝખાને ૮૦ હજારની વિશાળ સેના લઈ ઇલ્ચકદઈને મોકલી હિરાતનો સંપૂર્ણ નાશ કરી નાખવાની આજ્ઞા કરી ! વિશાળ સેના લઈને તે આવ્યો અને દરેક નાના-મોટાઓની હત્યાઓ કરી આખા નગરને આગ લગાડી હિરાત નગરનું અસ્તિત્વ મિટાવી દીધું ! પછી તે કાલીવયાન રાજ્યમાં ગયો. ત્યાં એક લાખ મુસ્લિમોની ક્રૂરતાથી કત્લેઆમ કરી દરેકને મારી નાખ્યા. !!

જેવો ક્રૂર ચંગીઝખાન હતો તેવાં જ ક્રૂર તેનાં સંતાનો હતાં. તેનો પુત્ર તુલુઈ વિશાળ સૈન્ય લઈ ખુરાસાન રાજ્યમાં આવ્યો અને સૈનિકો દ્વારા ત્યાંના નિર્દોષ એવાં ૭૦ હજાર સ્ત્રી-પુરુષોની કત્લેઆમ કરાવી હતી. ત્યાંથી મર્વ પ્રદેશમાં ગયો અને બધા જ લોકોને ક્રૂરપણે રહેંસી નંખાવ્યા ! પછી તે પ્રદેશમાં સૈયદ ઈજુદીન અને તેના મિત્રોએ દરેક શબો ગણ્યાં તો કુલ લાખ થયાં હતાં !!

સબ્જવારને જીતી પ્રજાની કત્લ કરવાનો હૂકમ કર્યો તેથી સૈનિકો નિર્દોષ પ્રજા પર તૂટી પડ્યા અને ૭૦ હજારને મારી નાખ્યા! નેશાપુર નગર જીતીને સમસ્ત પ્રજાને મેદાનમાં ઊભી રાખી કત્લેઆમ કરી નાખી. કોઈને જીવતા ન રહેવા દીધા ! અધુરામાં પૂરું કર્યું એની નિર્દય છોકરીએ !

નેશાપુરના મનુષ્યોની તો હત્યા કરી નાખી હતી, પણ

નગરમાં રહેલાં પશુ-પક્ષીઓને સલામત જોઈ તેણે સૈનિકોને હૂકમ કર્યો : "આ નગરનું એક પણ પશુ કે પક્ષી જીવતું રહેવું ન જોઈએ."

પાપીણીની આજ્ઞા થતાં જ નિર્દય સૈનિકો અબોલ પશુ-પક્ષીઓ પર તૂટી પડ્યા તેથી તમામનો નાશ થઈ ગયો ! આ રીતે ઐતિહાસિક ગણાતું નેશાપુરનું નામોનિશાન મીટાવી દઈ શેતાનની માફક ખુશ થઈ પોતાના રાજ્યમાં ગયો.

આ રીતે જીવનભર લડાઈઓ લડી કરોડોની કતલ કરી ક્રૂર ચંગીઝખાન ઇ.સ. ૧૨૨૭ માં મર્યો હતો. વિશ્વના ઇતિહાસકારો લખે છે કે, ચંગીઝખાન જેવો ક્રૂર સુલતાન હજુ સુધી દુનિયામાં કોઈ થયો નથી અને એની સેના જેવી ક્રૂર સેના પણ વિશ્વમાં ક્યાંય થઈ નથી !!

## "હલાકુ"

ચંગીઝખાન તો મરી ગયો, પણ એની ક્રૂરતા એના વંશમાં મૂકતો ગયો હતો તેના કારણે તેના વંશમાં હલાકુ નામનો શેતાન થયો હતો અને તેણે અનેક દેશોમાં ક્રૂરતા આચરીને ઇતિહાસમાં પોતાનું નામ કાળા અક્ષરે લખાવતો ગયો. ઇ.સ. ૧૨૫૩ માં હલાકુએ અલમૂત રાજ્ય પર આક્રમણ કરી ત્યાંની સમસ્ત પ્રજાને નિર્દયપણે મારી નાખી અને રાજ્યનાં તમામ પશુઓને ક્રૂર રીતે કત્લેઆમ કરી રાજ્યનું અસ્તિત્વ મિટાવી દીધું હતું !

તે રાજ્યનો નાશ કરી હલાકુ ઈ રાક દેશમાં આવેલ બગદાદ નગરમાં આવ્યો. ત્યાંના એક લાખ સૈનિકોને અભયદાનનું બહાનું બતાવી, ઈરાન અને ઈરાક બન્ને દેશ પર વિજય મેળવી ત્યાંથી સીરિયા દેશ ગયો. ત્યાં અનેક નગરોને લૂંટી હજારોની હત્યાઓ કરી તે નગરમાં રહેતી હજારો યુવાન યુવતીઓને પોતાના દેશમાં લઈ ગયો.

# "તૈમુરલંગ"

ભક્તો ! મંગોલોની જાતિમાં ફરી એક રાક્ષસ ઉત્પન્ન થયો હતો. એનું નામ હતું તૈમુરલંગ. તેનો જન્મ ઇ.સ. ૧૩૩૪ માં થયો હતો. તેણે પણ ઇરાન-ઇરાક વગેરે અનેક દેશોમાં જઈને હજારો નહિ, પરંતુ લાખો લોકોની કત્લેઆમ કરી હતી. તે એકવાર અફઘાનિસ્તાનમાં ગયો હતો. ત્યાં સબ્જવાર કિલ્લાના બે હજાર માણસોને એકબીજા ઉપર જીવતાં ગોઠવીને ચણતાં ચણતાં મોટી મિનાર બનાવી હતી !

તૈમુરલંગે ઈસ્લામધર્મ અંગિકાર કર્યો હતો. તેણે સીસ્તાન રાજ્ય પર આક્રમણ કરી સમસ્ત નર-નારી અને બાળકોને મારી નાખ્યાં હતાં. ! પછી રાજ્યમાં આગ લગાડીને સમગ્ર રાજ્ય સળગાવી દીધું હતું. તે રાજ્યના ત્રણ હજાર સૈનિકોને પકડી ઊંચા પહાડ પર લઈ જઈને ત્યાંથી નીચે ફેંકી દરેકને મારી નંખાવ્યા હતા.

ઈરાનમાં જઈ ઈસ્ફહાન નગરમાં રહેતાં તમામ નર-નારીઓનાં માથાં કાપી મોટો ઢગલો કર્યો હતો ! એનું કારણ એ હતું કે, તે નગર જીતવા આવેલા તૈમુરના ત્રણ હજાર સૈનિકોને ઈસ્ફાહાન નગરનાં નર-નારીઓએ મારી નાખ્યા હતા.

એકવાર તૈમુરલંગે સિંધુ તીરના ભટનેર રાજ્ય પર આક્રમણ કર્યું. તેના જવાબમાં તે રાજ્યનાં દરેક લોકોએ મુકાબલો કર્યો, તેથી ક્રોધાયમાન બની તે નર રાક્ષસે તે રાજ્યના અગણિત હિંદુ અને મુસ્લિમોને ક્રૂર રીતે કાપી નાખ્યા. પછી ત્યાંથી અનેક નાનાં-મોટાં રાજ્યોને જીતતો જીતતો અને તે તે રાજ્યોમાં હજારો નિર્દોષોની હત્યાઓ કરતો કરતો તૈમુરલંગ ઇ.સ. ૧૩૯૮માં દિલ્હી આવ્યો. તે સમયે તેની પાસે દરેક રાજ્યમાંથી પકડેલા કુલ એક લાખ હિંદુ ગુલામો હતા !

તે સમયે દિલ્હીનો સુલતાન મહંમદ તઘલખ હતો. તે ૫૦ હજારનું સૈન્ય લઈને લડવા આવ્યો. સામસામે ભયંકર યુદ્ધ થયું, પણ દરિયા જેવી વિશાળ સેના લઈને આવેલ તૈમુર સામે તે હારી ગયો, તેથી રાત્રીના સમયે ગુપ્તમાર્ગ દ્વારા ભાગી ગયો.

સવારે દરેક લોકોને ખબર પડી તેથી નગરના સજ્જન માણસો ભેગા થઈને તૈમુરલંગ પાસે આવ્યા ને શરણાગતિ સ્વીકારી રક્ષણ માગ્યું; પરંતુ સ્વભાવથી ક્રૂર એવા નિર્દય તૈમુરલંગે માન્યું નહિ અને પોતાના સૈન્યને દિલ્હી લૂંટવાનો આદેશ આપ્યો. આજ્ઞા થતાં જ ક્રૂર સૈનિકો નિર્દોષ પ્રજાની માલ-મિલકત લૂંટવા લાગ્યા. નગરની દરેક યુવાન યુવતીઓ પર બળાત્કાર કર્યા ને પોતાની મિલક્ત માનીને ગુલામ બનાવી સાથે રાખવા લાગ્યા !

આવો કાળો કેર જોઈને શૂરવીર અને આબરુંદાર હિંદુઓએ કેસરીયા કર્યા. પોતાનાં સંતાનોને જિંદગી પર્યંત ગુલામો બની યાતનાઓ ન ભોગવવી પડે એટલા માટે તેઓએ પોતપોતાની સ્ત્રીઓ, સંતાનો અને મિલક્તોને સળગાવી દઈ તૈમુરલંગના ક્રૂર સૈનિકો સામે લડવા નીકળી પડ્યા અને કેટલાયને મારી નાખી પોતે શહીદ બન્યા.

સતત પંદર દિવસ સુધી દિલ્હી નગરને નિર્દયપણે લૂંટ્યું. તેમાં તૈમુરલંગના એક એક સૈનિકને ૧૫૦ સ્ત્રીઓ, પુરુષો અને બાળકો ગુલામો તરીકે ભાગમાં આવ્યા ! હિસાબ કરો, કેટલા લોકોને ગુલામ બનાવ્યા હશે ? અર્થાત્ કેવળ દિલ્હીમાંથી જ લાખો નર-નારીઓને ગુલામ બનાવી અઢળક  હીરા-ઝવેરાત ને સોનું વગેરે લઈને મેરઠ આવ્યો. મેરઠને લૂંટી હજારો હત્યાઓ કરી ત્યાંથી સ્વરૂપવાન સ્ત્રીઓને પકડી સાથે લીધી. તે સમયે ઇ.સ. ૧૩૯૮માં હરિદ્વારમાં કુંભમેળો ભરાયો હતો તેથી ત્યાં લાખો હિંદુઓ દર્શનાર્થે આવ્યા હતા.

આ વાત સાંભળી પાપી તૈમુરલંગ હરિદ્વાર આવ્યો ને અસંખ્ય નિર્દોષ લોકોની કત્લેઆમ કરી જમ્મુ-કાશ્મીર ગયો. ત્યાં હજારો લોકોની હત્યા કરી કાશ્મીર પર વિજય મેળવી અઢળક સંપત્તિ લઈ જ્યોર્જીયા દેશમાં ગયો. ત્યાં ઈસાઈ (ક્રિશ્ચન)નું રાજ્ય હતું. તે રાજ્યના તમામ લોકોની હત્યાઓ કરી આખા રાજ્યને આગ લગાડી સંપૂર્ણ રાજ્યનો નાશ કરી નાખ્યો. !!

ત્યાંથી તે દમિશ્ક નગર ગયો. ત્યાં પણ સંપૂર્ણ નગરને લૂંટી આગ લગાડી દીધી, તેને કારણે અસંખ્ય લોકો જીવતા સળગી ગયા ! ત્યાંથી ઇરાક દેશના બગદાદ શહેરમાં આવ્યો. ત્યાં પોતાના પૂર્વજોની જેમ જ સંપૂર્ણ બગદાદ શહેરનો નાશ કરી નાખ્યો ! ઈ. ૧૪૦૨માં અંકારા નગરનો પણ બગદાદની જેમ જ સંપૂર્ણ નાશ કરી નાખ્યો ! આવી નિર્દયતાને કારણે આરબ લોકો તૈમુરલંગને રાક્ષસ માનતા હતા.

ત્યાર પછી બે લાખની વિશાળ સેના લઈને તે નર-અસુર ચીન પર ચઢાઈ કરવા ચાલ્યો, પરંતુ પિકિંગ તરફ જતાં રસ્તામાં જ તા. ૧૬-૨-૧૪૦૫ના દિવસે ૭૧ વર્ષની ઉંમરે તે પાપી મૃત્યુ પામ્યો તેથી ચીન માટે સોનાનો સૂરજ ઉગી ગયો. તેથી તે લોકો ખુશ થયા. આ ઉપરાંત જે જે દેશોએ આ વાત સાંભળી તે તે દેશોએ તૈમુરના મોતના બદલામાં ઉત્સવો કર્યા.

ત્યારબાદ આ જ મંગોલ વંશનો બાબર ભારતનો સુલતાન બન્યો હતો. તેઓ મંગોલમાંથી મોગલ કહેવાયા હતા. પછી તે મોગલ વંશોએ દિલ્હીમાં અંગ્રેજોનું શાસન આવ્યું ત્યાં સુધી શાસન કર્યું હતું. તે વંશનો છેલ્લો સુલતાન બહાદુરશાહ ઝફર હતો. તેને અંગ્રેજોએ કેદ કરી બર્માની જેલમાં પુર્યો હતો અને ત્યાંજ તેનું મૃત્યુ થયું હતું.

# "અલાઉદ્દીન ખીલજી"

અલાઉદ્દીન ખીલજીએ સત્તા માટે પોતાના સગા કાકા જલાલુદ્દીન ખીલજીને મારી નાખી પોતે ઇ.સ. ૧૨૯૬માં દિલ્હીનો સુલતાન બની ગયો હતો. પછી તેના પિતરાઈ ભાઈઓની આંખો ફોડાવી જેલમાં પૂરી દીધા હતા. મંગોલ સાથેના યુદ્ધમાં ૨૦ હજારને ક્રૂર રીતે મારી નંખાવી બાકી રહેલાઓને હાથીઓના પગ નીચે કચરાવીને મારી નખાવ્યા હતા. યમુના કિનારે રહેતા મૂળ મંગોલો એવા નવ મુસ્લિમ જાતિના ૩૦ હજાર લોકોને ક્રૂર રીતે મારી નખાવ્યા હતા.

અલાઉદ્દીને ઇ.સ. ૧૨૯૭ માં ગુજરાતની રાજધાની પાટણ પર આક્રમણ કર્યું, તેથી હારીને કર્ણદેવ ભાગી ગયો. પછી હજારોની હત્યાઓ કરી પાટણને લૂંટી ત્યાંથી સોમનાથ જઈ ત્યાં હાહાકાર મચાવી મંદિરને લૂંટી તોડી નાખ્યું ! પછી પાટણની મહારાણી અને કર્ણદેવ રાજાની પત્ની કમળાદેવીને બળજબરીથી દિલ્હી લઈ જઈ પોતાની બેગમ બનાવી દીધી.

દિલ્હી આવતી વખતે ઘણા સૈનિકો વિદ્રોહ કરી રણથંભોર ચાલ્યા ગયા, એટલા માટે દિલ્હીમાં રહેતાં તેનાં દરેક સંતાનોની ક્રૂર રીતે હત્યાઓ કરાવી નાખી અને તે સૈનિકોની દરેક પત્નીઓને રસ્તાઓ પર લાવી નગ્ન કરી બળાત્કારો કરાવ્યા ! પછી રણથંભોર જઈ આક્રમણ કરી પાટણ જીતી લીધું અને હજારોની હત્યાઓ કરી નાખી. તે સમયે દરેક સ્ત્રીઓએ પોતાની આબરું બચાવવા માટે ત્યાંના રાજા હમીરની રાણી સાથે જ જૌહર કર્યું. અર્થાત્ હજારો સ્ત્રીઓ અગ્નિ સળગાવી તેમાં પડીને મૃત્યુ પામી.

તે સમયમાં ચિત્તોડના રાણા રત્નસિંહની પત્ની મહારાણી પદ્‌મીની અતિ રૂપવાન હતાં. તેથી તેને પોતાની બેગમ (પત્ની)

બનાવવા માટે અલાઉદ્દીન મોટી સેના લઈ ચિતોડ આવ્યો. ત્યાં રાજપૂતો સાથે ભયંકર યુદ્ધ થયું. તે યુદ્ધમાં તમામ રાજપૂતો શહીદ થયા ! અર્થાત્ મૃત્યુ પામ્યા. ત્યાંય પણ મહારાણી પદ્મીની અને બે હજાર રજપુતાણીઓએ ચિત્તા સળગાવી જૌહર કર્યું ! અર્થાત્ અગ્નિ સ્નાન કરી મૃત્યુ પામી.

ઇ.સ. ૧૩૦૫ માં મંગોલો આવ્યા. તેની સાથે ભયંકર યુદ્ધ થયું. તેમાં તેના હજારો સૈનિકોને મારી નંખાવ્યા. તે સમયમાં અલાઉદ્દીન પાસે પાંચ લાખ સૈનિકોની વિશાળ સેના હતી. ઈ. સ. ૧૩૧૦ માં મલિક કાફૂરને સેનાપતિ બનાવી દક્ષિણ ભારતમાં મોકલ્યો. તેણે દક્ષિણના દરેક નગરો અને મંદિરો તોડી અપાર સંપત્તિ લૂંટી હજારોની કત્લેઆમ કરી દિલ્હી આવ્યો. પછી તેણે જ અર્થાત્ મલિક કાફૂરે જ ઇ.સ. ૧૩૧૬માં અલાઉદ્દીનને ઝેર આપી મારી નાખ્યો ! આ રીતે આ નર-શેતાનનો અંત આવ્યો.

## "મહંમદ તઘલક"

મહંમદ તઘલક ૧૪મી સદીની શરુઆતમાં દિલ્હીનો સુલતાન બન્યો હતો. તે પણ ચંગીઝખાન જેવો ક્રૂર સ્વભાવનો હતો. તેણે જીવન પર્યંત વિદ્રોહ દબાવવામાં જ સમય કાઢ્યો હતો. વિદ્રોહો દબાવવા માટે તેણે અતિ ક્રૂરતા આચરી હતી. હજારો નહિ, પરંતુ લાખો લોકોની ક્રૂર રીતે હત્યાઓ કરાવી હતી. હજારો વિદ્રોહીઓની જીવતા જ ચામડી ઉતરાવી હતી ! હજારો વિદ્રોહીઓની જીવતા જ આંખો ફોડાવી નાખી હતી ! હજારો વિદ્રોહીઓના હાથ-પગ કાપીને રીબાવી રીબાવી માર્યા હતા ! હજારો વિદ્રોહીઓને ઉકાળેલું સીસું પીવડાવી અતિ પીડાઓ આપી હતી ! હજારો વિદ્રોહીઓનાં હાડકાં તોડાવી નાખ્યાં હતાં ! હજારો વિદ્રોહીઓને હાથીઓના પગ નીચે

કચરાવીને મારી નાખ્યા હતા. હજારો વિદ્રોહીઓને જીવતા જ કરવતથી ચીરી નખાવ્યા હતા.

મહંમદે ગુજરાતમાં સતત ત્રણ વર્ષ રહીને વિદ્રોહ દબાવવા અતિ ક્રૂરતા આચરી હતી. ગુજરાતમાં હિંદુઓનાં માથાં કપાવી મોટો પર્વત કરાવ્યો હતો ! તે વિદ્રોહ કરનારાઓને જેવી રીતે ક્રૂર રીતે મારતો હતો એ જ રીતે અપરાધ કરનારાઓને પણ ભયંકર સજાઓ સાથે યાતનાઓ અપાવતો હતો. અપરાધીઓની છાતીમાં લાંબા સોયા ભોંકાવતો હતો, ખીલાવાળા કોરડાથી મરાવતો હતો અને જેમ જેમ વધારે પીડાય એ રીતની ભયંકર યાતનાઓ આપતો હતો.

ઇ.સ. ૧૩૫૧માં મહંમદ તઘલક મૃત્યુ પામ્યો પછી તેનો પિતરાઈભાઈ ફિરોજશાહ દિલ્હીનો સુલતાન બન્યો હતો. તે કટ્ટર સુન્નીપંથી મુસ્લિમ હતો તેથી તેણે શિયા પંથી મુસ્લિમોને ખુબ યાતનાઓ આપી હતી. ઈ.સ. ૧૩૬૫ માં તેણે કાંગડા રાજ્ય પર આક્રમણ કરી અનેક મંદિરો તોડી નાખ્યાં હતાં અને સંસ્કૃત ગ્રંથોની લાયબ્રેરીઓ સળગાવી દીધી હતી. તે ખુબ ધર્મઝનુની હતો.

## "મોગલ વંશ"

મંગોલ વંશીય (મોગલો) તૈમુરલંગના વંશનો બાબર કાબુલનો શાસક હતો. તેણે આગ્રાના સુલતાન સિકંદર લોદીને હરાવી ઇ.સ.૧૫૨૬માં તે બાદશાહ બની ગયો હતો. બાબરે ચંદેરી નગર પર આક્રમણ કરી તમામે તમામ સૈનિકોની ક્રૂરતાથી કતલ કરી નાખી હતી. તે પણ ધર્મ ઝનુની હતો.

બાબરનો પુત્ર હુમાયું ઇ.સ. ૧૫૩૦ માં આગ્રાનો બાદશાહ

બન્યો હતો. તેણે ખંભાત નગરને લૂંટીને સળગાવી દીધું હતું. તેના ભાઈ કામરાને કાબુલની અંદર ભારે અત્યાચાર કરી દરેક નાનાં-નાનાં બાળકોને કિલ્લે લટકાવી તોપના ગોળાથી ઉડાવી દીધાં હતાં ! અર્થાત્ મારી નાખ્યાં હતાં.

ત્યાર પછી ઇ.સ. ૧૫૫૬માં અકબર આગ્રાનો સુલતાન બન્યો હતો. તેણે માળવા રાજ્ય જીતવા માટે આધમખાં અને પીર મુહંમદને વિશાળ સેના સાથે મોકલ્યા હતા. તેઓએ માળવાને ક્રૂરતાથી લૂંટી અને યુવાન સ્ત્રીઓને ગુલામ બનાવી દીધી હતી. અકબરે આસફખાંને મધ્ય પ્રદેશના ગોંડવા રાજ્ય પર ચડાઈ કરવા મોકલ્યો હતો. તેણે ગોંડવા જીતી હજારોની કત્લેઆમ કરી હતી. ત્યાં હજારો રજપૂતોની સ્ત્રીઓએ અગ્નિ સ્નાન કરી મોતને વહાલું કર્યું હતું.

ઇ.સ. ૧૫૬૭માં અકબરે ચિત્તોડ પર આક્રમણ કર્યું, તેમાં હજારો રાજપૂતો શહીદ થયા હતા, તેથી તેમની હજારો સ્ત્રીઓએ જૌહર કરી જીવન પૂરું કર્યું હતું. તે હજારો સ્ત્રીઓ મોટી ચિતાઓ પ્રગટાવી તેમાં કુદી પડીને મૃત્યુ પામી હતી. તે યુદ્ધમાં રાજપૂતોને રાજસ્થાનના ખેડૂતોએ સહાયતા કરી હતી તેથી અકબરે ૩૦ હજાર ખેડૂતોની એક જ દિવસમાં ક્રૂર રીતે હત્યાઓ કરાવી હતી !

ઇ.સ. ૧૫૭૩ માં અમદાવાદમાં વિદ્રોહને દબાવવા માટે બે હજાર સૈનિકોનાં માથાં કાપી ઊંચો મિનારો બનાવ્યો હતો ! ઇ.સ. ૧૫૭૪માં બિહારમાં હાજીપુર જીતી લઈને સૈનિકોનાં માથાંઓ કાપી મોટી મોટી નાવ ભરી હતી ! પછી પટણા લૂંટી ઉજ્જડ કરી મૂક્યું હતું. તેના સેનાપતિ મુનીમખાંએ ઓરિસ્સા પ્રદેશમાં

અફઘાનિસ્તાનના સૈનિકોનાં માથાં કાપીને ઊંચા ઊંચા આઠ મિનારા ચણાવ્યા હતા !

ઇ.સ. ૧૫૯૭ માં અહમદનગર જીતી લઈને તેના પંદર હજાર સૈનિકોની ક્રૂરતાથી હત્યાઓ કરાવી હતી. ઇ.સ. ૧૬૦૫ માં તેનું મૃત્યુ થયું હતું. ત્યારબાદ તેનો પુત્ર સલીમ (જહાંગીર) સુલતાન બન્યો. તેણે શીખ ધર્મના પાંચમા ગુરૂ અર્જુનદેવને ગરમ તવા ઉપર બેસાડી ખૂબ યાતનાઓ આપી હતી. તેમજ ગરમા ગરમ રેતી ઉપર બેસાડી યાતનાઓ આપી ઊકળતું પાણી શરીર ઉપર રેડી હત્યા કરાવી હતી !

ઇ.સ. ૧૬૨૮ માં તેનો પુત્ર શાહજહાં શાસક બન્યો હતો. તેણે ગાદી માટે જ પોતાના સગા ભાઈઓ, ભત્રીજાઓ અને તેના સમસ્ત પરિવારને આંખો ફોડાવીને મરાવી નાખ્યા હતા ! ઇ.સ. ૧૬૦૯ માં તે શાહજાદો હતો ત્યારે આખા મેવાડ પ્રદેશને લૂંટીને નષ્ટ કરી નાખ્યું હતું. ઇ. ૧૬૩૪ માં ઓર્છાના રાજાને હરાવી નગરની યુવાન સ્ત્રીઓને પકડી પોતાની બેગમો બનાવી દીધી હતી અને બાકીની સ્ત્રીઓને અમીરોને આપી હતી. શાહજહાંએ હૂગલીમાં જઈને હજારોની હત્યા કરી હતી.

## "મહાશેતાન ઔરંગઝેબ"

ઇ.સ. ૧૬૫૮માં પિતા શાહજહાંને જેલમાં પૂરી ભાઈઓ અને ભત્રીજાઓની હત્યા કરી ઔરંગઝેબ આગ્રાનો સુલતાન બની ગયો હતો. એ સુન્ની મુસ્લિમ હતો અને ધર્માંધ હતો. હિંદુઓને એ કાફર (અધર્મીને હરામખોર) માનતો હતો. ઓરિસ્સા પ્રદેશમાં કટક અને મેદિનીપુર વચ્ચેનાં બધાં જ મંદિરો તેણે તોડાવી નાખ્યાં હતાં

! ગુજરાતનાં ચિંતામણિ જૈન મંદિર, સોમનાથ મંદિર, કાશીનું વિશ્વનાથ મંદિર, મથુરાનું કેશવરાય મંદિર આ બધાં પ્રખ્યાત મંદિરોને તોડાવી તેના પર મસ્જિદો બંધાવી હતી.

ઇ.સ. ૧૬૮૦ માં અંબર પ્રદેશનાં બધાં જ મંદિરો તોડાવીને એવો કાયદો કરાવ્યો હતો કે, "કોઈ પણ હિંદુઓએ નવાં મંદિરો બાંધવા નહિ અને જૂનાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરવો નહિ." મંદિરો તોડીને તેમાં રહેલી દેવ-દેવીઓની મૂર્તિઓને તોડાવીને દિલ્હી વગેરેમાં બનાવેલ મસ્જિદોનાં પગથિયાંમાં ચણાવી હતી, જેથી મસ્જિદમાં આવતા મુસલમાનો તેના ઉપર પગ મૂકીને ચાલી શકે.

તે શેતાને લાખો હિંદુઓને બળજબરીથી મુસલમાન બનાવ્યા હતા અને જેઓએ મુસલમાન બનવાની ના કહી એવા લાખો નિર્દોષ હિંદુઓની ક્રૂરતાથી હત્યાઓ કરાવી હતી. મુલતાન અને કાશીમાં આવેલ સંસ્કૃત પાઠશાળાઓનો નાશ કરાવ્યો હતો. ઇ.સ. ૧૬૬૮ માં હિંદુઓના હોળી-દિવાળી વગેરે ઉત્સવો પર પ્રતિબંધ લગાવ્યો હતો.

ઇ.સ. ૧૬૮૭ માં દક્ષિણમાં ગોવળકોંડા રાજ્ય પર આક્રમણ કરી હજારો નિર્દોષોની કતલ કરી મોગલ સૈનિકોએ હજારો સ્ત્રીઓ પર બળાત્કાર કર્યા હતા ! અને રાજ્યની તમામ સંપત્તિ લૂંટી લીધી હતી. આ પાપી શેતાન ઔરંગઝેબને હિંદુ ધર્મનું અસ્તિત્વ મિટાવી દેવું હતું, પરંતુ મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજી સામે પડ્યા અને પંજાબમાં ગુરૂ ગોવિંદસિંહ સામે પડ્યા હતા. ત્રીજી બાજુ સત્‌નામ સંપ્રદાયના અનુયાયીઓ સામે પડ્યા હતા અને ચોથી બાજુ મારવાડના રાજપૂતો સામે પડ્યા હતા, કારણ કે મારવાડ લૂંટીને ઔરંગઝેબે તમામ મંદિરો તોડાવી નાખ્યાં હતાં. આ ચારેય જુથોએ તેની ઊંઘ હરામ કરી નાખી હતી.

આ પાપીએ ગુરૂ ગોવિંદસિંહનાં નાનાં નાનાં બે બાળકોને જીવતાં ચણાવી દીધાં હતાં. ઇ.સ. ૧૭૦૭ માં નરાધમ નર-રાક્ષસ ઔરંગઝેબ મરીને જમપૂરીમાં ગયો. અર્થાત્ મૃત્યુ પામ્યો. ગુરૂ ગોવિંદસિંહ પછી બંદા વૈરાગીએ શીખોનું પ્રતિનિધિત્વ કરીને હજારો મુસ્લિમોની હત્યાઓ કરી હતી. ઇ.સ. ૧૭૨૬માં બહાદુરશાહે હજારો શીખોની કતલ કરાવી હતી.

## "નાદિરશાહ અને અહમદશાહ"

ઇ.સ. ૧૭૩૯ માં ઈરાનનો નાદિરશાહ ભારત આવ્યો અને દિલ્હી પર વિજય મેળવી બેફામ લૂંટ કરી ૩૦ હજાર લોકોની કતલ કરી ૬૦ કરોડ રૂપિયાની સંપત્તિ અને એક કીમતી મયુરાસન લઈને ઈરાન ચાલ્યો ગયો હતો.

ઇ.સ. ૧૭૫૬ માં ઈરાનનો સુલતાન અહમદશાહ અબ્દાલી વિશાળ સેના લઈને ભારત આવ્યો અને દિલ્હી સહિત અનેક રાજ્યોને હરાવી હજારો લોકોની હત્યાઓ કરી, અઢળક સંપત્તિ અને અનેકાનેક રૂપવાન સ્ત્રીઓને લઈ ગયો. તે નરાધમે મથુરા અને ગોકુળ વગેરે પવિત્ર સ્થાનોમાં આવેલ તમામ મંદિરોને લૂંટીને તોડાવી નાખ્યાં અને હજારો ભક્તોની કતલ કરાવી ૨૮ હજાર ઊંટ અને ખચ્ચરો ઉપર લૂંટનો માલ ભરી ઇરાન લઈ ગયો હતો.

ત્યારબાદ ઇ.સ. ૧૭૬૧માં ફરી ભારતમાં આવ્યો હતો. ત્યારે તેનું મરાઠા સૈન્ય સાથે ભયંકર યુદ્ધ થયું તેમાં બન્ને પક્ષના થઈ એક લાખ સૈનિકો મૃત્યુ પામ્યા હતા ! અને લાખો ઘાયલ થયા હતા. –(ઉપરોક્ત યુદ્ધોના પ્રસંગો "ભારતીય યુદ્ધોનો સંક્ષિપ્ત ઇતિહાસ" એ પુસ્તકના આધારે લખવામાં આવ્યા છે.)

# "હૂણ જાતિની ક્રૂરતા"

ઇ.સ. ૫૦૦ માં મધ્ય એશિયાથી હૂણ જાતિના નિર્દય લોકો ભારતમાં આવ્યા. જેમ દરેક શાસકોમાં ક્રૂર શાસક તરીકે ચંગીઝખાનનું નામ લખાયું છે, - એ જ રીતે દરેક જાતિઓમાં ક્રૂર જાતિ તરીકે હૂણ લોકોનું નામ ઇતિહાસનાં પાનાંઓમાં લખાયું છે. એ લોકો કોઈ ધંધાદારી ન હતા. લોકોની હત્યાઓ કરી સંપત્તિ લૂંટી જવી એ જ એમનો ધંધો ?

તેઓએ આખા ભારતમાં લૂંટફાટ કરી લોકોને ત્રાહીમામ પોકારાવી દીધા હતા. એટલું જ નહિ, પરંતુ લાખો લોકોની ક્રૂર રીતે હત્યાઓ કરી ભારતને ઉજ્જડ બનાવી દીધું હતું. તેઓએ ભારતના રાજાઓને હરાવી બેફામ કત્લેઆમ કરી ભારત પર પોતાની સત્તા જમાવી હતી !

ભારતને જીતી હૂણ જાતિનો મિહિર ગુલ સમ્રાટ બન્યો હતો. તે અત્યંત નિર્દય હતો. તેણે તે સમયમાં સૌથી મહાન ગણાતા બૌદ્ધ ધર્મના હજારો મઠોને તોડી નાખી હજારો ભીખ્ખુઓની (સંતોની) હત્યા કરાવી નાખી હતી !

# "ક્રુસેડ અને જેહાદ"

ભક્તો ! ખ્રિસ્તીઓ ક્રુસેડ શબ્દને અને મુસ્લિમો જેહાદ શબ્દને પવિત્ર યુદ્ધો કહે છે. આ બે શબ્દોને કારણે પવિત્ર બાઈબલ અને કુરાન સામસામે આવી ગયાં હતાં ! જેરુસલેમ (ઇઝરાઈલ) અને મક્કા (સાઉદ અરેબિયા) વચ્ચે ૧૧ મી સદીમાં વેરનાં વાવેતર થયાં હતાં.

ખ્રિસ્તીઓ અને મુસ્લિમો વચ્ચે ધર્મના નામે જે વૈરભાવ અનેક વર્ષો સુધી રહ્યો તેની રજુઆત 'ધ ક્રુસેડ થ્રુ આરબ આઈઝ'

નામના પુસ્તકમાં લખેલ છે. ક્રોસને માટે ખ્રિસ્તીઓએ પોતાની પવિત્ર ભૂમિ ઈસુની કબરનો ભાગ હતો તે પાછો મેળવવા ૧૧મી સદીના અંતે ભયંકરતા કરી હતી. - કારણ કે ઇ.સ. ૬૨૮માં ખલીફા ઉમરે જેરુસલેમ કબજે કર્યું હતું ત્યારથી તેના પર મુસ્લિમોનું શાસન ચાલતું હતું.

ઇ.સ. ૧૦૯૮ માં પોર્ટુગલ અને ફ્રાંસ દેશથી ફિરંગીઓનાં મોટાં મોટાં ધાડાં સિરિયા દેશના મારા નગરમાં આવ્યાં ને નિર્દોષ નર-નારીઓ પર તલવારો લઈ તૂટી પડ્યા. હજારોની કતલ કરી. પછી રસોઈ બનાવવાનાં મોટાં મોટાં વાસણોમાં પાણી ભરી તેને ખૂબ ઉકાળી તેની અંદર અનેક લોકોને પકડી પકડીને નાખ્યા અને જીવતા ઉકાળી ‘રીબાવી રીબાવી મારી નાખ્યા !

ત્યાંના નાનાં-નાનાં બાળકોને માંસ શેકવાના સળિયા પર વીંધીને લાકડા સળગાવીને તેમાં જીવતા જ ભૂંજી નાખ્યાં ! જેમ ત્રાસમાં ભરાવીને મકાઈના ડોડાને અગ્નિ ઉપર શેકે છે, એ જ રીતે ક્રૂર ફિરંગીઓએ નિર્દોષ બાળકોને સળિયામાં ભરાવી અગ્નિ પર રાખી યાતનાઓ આપી મારી નાખ્યાં ! આવી ક્રૂરતાને કારણે આરબ લોકો ફિરંગીઓને જાનવર કહેતા હતા. પશ્ચિમના ઇતિહાસકાર આલ્બર્ટ ઓફ એઈક્સે નોંધ્યું છે કે, “અમારા સૈનિકોએ માત્ર મરેલા તુર્કોને જ નહિ, કૂતરાંઓ પણ ખાધેલા !” આનો અર્થ એ થયો કે ફિરંગીઓએ લોકોને મારીને પણ ખાધા હશે.

ઇ.સ. ૧૦૯૯ માં ખ્રિસ્તીઓએ જેરુસલેમ પર આક્રમણ કર્યું. સતત આઠ દિવસ સુધી નિર્દોષ મુસ્લિમોની કતલો કરી ૭૦ હજાર કરતાં વધારે નર-નારીઓને મારી નાખ્યાં ! આ સિવાય સીનેગોગ (પ્રાર્થના હોલ)માં ભેગા થયેલા દરેક યહૂદીઓને પણ જીવતા સળગાવી દીધા ! લોકોને ખૂબ યાતનાઓ આપી, પણ ઈસુને જે ક્રોસ પર ચડાવી મારી નાંખેલા તે ક્રોસ ક્યાં સંતાડ્યો છે તે કોઈએ

માહિતી આપી નહિ. ત્યાંથી ઈજીપ્ત જઈ ત્યાં પણ હજારોની કતલ કરી. ઇ.સ. ૧૦૯૫ થી ૧૧૨૧ સુધી મુસ્લિમોની કતલો શરૂ રહી હતી !

ફિરંગીઓએ ધર્મના નામે લાખો મુસલમાનોને મારી નાખ્યા, તેથી તેનો બદલો લેવા માટે ઈસ્લામ ધર્મીઓએ જેહાદ કરી. ચૌદમી સદીમાં તુર્કવંશીઓ એકઠા થયા તેથી ઓટોમન સામ્રાજ્ય સ્થપાયું. પછી યુરોપ ખંડના ખ્રિસ્તી દેશો પર આક્રમણ શરૂ કરી તેઓએ પણ ક્રૂરતા પૂર્વક કતલો શરૂ કરી !

તુર્કીઓએ જે દેશો જીત્યા ત્યાં ફરજીયાત ઈસ્લામ ધર્મ પાળવા ત્યાંના રહેવાસીઓને ફરજ પાડી, ન માન્યા તેઓને ભયંકર યાતનાઓ આપી મારવા લાગ્યા. આવું જોઈને ખ્રિસ્તી ધર્મી દેશોએ ધર્મયુદ્ધ માનીને યુદ્ધો શરૂ કર્યાં તેના કારણે આ ધર્મયુદ્ધો 300 વર્ષ સુધી ચાલતા રહ્યાં ! તેમાં બન્ને પક્ષના લાખો લોકો મરાયા હતા. ! – (અહેવાલ "સબ કો સન્મતિ દે ભગવાન" એ પુસ્તકના આધારે)

## ''પ્રથમ વિશ્વયુદ્ધ''

ભક્તો ! ઇ.સ. ૧૯૧૪ ની ઓગસ્ટ મહિનાની પહેલી તારીખે પહેલાં વિશ્વયુદ્ધની શરૂઆત થઈ હતી અને સતત ચાર વર્ષ સુધી શરૂ રહ્યું હતું અને ઇ.સ. ૧૯૧૮ ના નવેમ્બર મહિનાની અગ્યારમી તારીખે બંધ થયું હતું ! યુદ્ધ થવાનું મૂળ કારણ એ હતું કે, જર્મનીએ ઓસ્ટ્રિયા, (ઓસ્ટ્રેલિયા નહિ) હંગેરી અને ઇટાલી આ ત્રણેય દેશો સાથે ત્રિપક્ષી જોડાણ રચ્યું હતું. કટોકટીના સમયે એકબીજાની ઢાલ બની રહેવાનું ચારેય દેશોએ પરસ્પર વચન આપેલ હતું.

બીજી તરફ બ્રિટન, ફ્રાંસ અને રશિયા આ ત્રણેય દેશોએ પણ આવા જ હેતુઓ સાથે જુદો ત્રિકોણ રચ્યો હતો. તેવા સમયમાં બોસ્નિયા દેશના સરાજેવો શહેરમાં એક ઘટના ઘટી. બોસ્નિયામાં ઓસ્ટ્રિયનોનું શાસન હતું, તેનો સર્બિયન પ્રજા વિરોધ કરતી હતી.

એકવાર ઇ. ૧૯૧૪ ની ૨૮મી જૂનના દિવસે ઓસ્ટ્રિયાની ગાદીના વારસદાર ફ્રાન્ઝ ફર્ડિનાન્ડ સરાજેવો શહેરની મુલાકાતે ગયો. એ સમયે એક સર્બિયન બળવાખોરે ગોળી મારી તેની હત્યા કરી નાખી ! તેથી રોષે ભરાયેલ ઓસ્ટ્રિયા અને હંગેરીએ સર્બિયા દેશ સામે યુદ્ધ જાહેર કરી દીધું ! આ બન્ને દેશ સામે લડવાની સર્બિયામાં તાકાત ન હતી તેથી તેણે રશિયા પાસે મદદ માગી, તેથી રશિયાએ પણ યુદ્ધમાં ઝંપલાવ્યું !

રશિયા મદદે આવ્યું એટલે કરાર મુજબ જર્મનીએ પણ ઓસ્ટ્રિયાના પક્ષમાં જોડાઈને ફ્રાંસ દેશ સામે યુદ્ધ જાહેર કર્યું ! જર્મનીએ બીજા જ દિવસે વાયા બેલ્જીયમ થઈને ફ્રાંસ ઉપર હૂમલો કરવા માટે સૈન્ય રવાના કરી દીધું, તેના કારણે મિત્ર દેશ બેલ્જીયમને બચાવવા માટે બ્રિટને પણ યુદ્ધ જાહેર કર્યું ! આ મહાયુદ્ધમાં વિશ્વના અનેક દેશોના બે જૂથો થઈ ગયા તેથી યુદ્ધનું નામ વિશ્વયુદ્ધ પડ્યું. યુદ્ધના કારણે દરરોજ હજારો સૈનિકો અને નિર્દોષ પ્રજા મરવા લાગી હતી.

આ યુદ્ધ ૪ વર્ષ, ૪ મહિના અને ૧૧ દિવસ ચાલ્યું હતું, ત્યાં સુધીમાં તો ૮૫ લાખ સૈનિકો મૃત્યુ પામ્યા હતા ! સવા બે કરોડ ઘાયલ થયા હતા ! અને ૯૦ લાખ નિર્દોષ નર-નારીઓ અને બાળકો મોતના મુખમાં હોમાઈ ગયાં હતાં !! ૧૮૬ અબજ ડોલરનું એ સમયમાં નુકશાન થયું હતું ! આ મહાયુદ્ધમાં જર્મની અને તેના મિત્ર દેશો હાર પામતા યુદ્ધનો અંત આવ્યો હતો.

# "બીજું વિશ્વયુદ્ધ !"

ઇ.સ. ૧૯૧૪ના પ્રથમ વિશ્વયુદ્ધમાં વિજેતા બનેલ બ્રિટન અને તેના મિત્ર દેશોએ ફ્રાંસ દેશના પેરિસ નગરમાં 'શાંતિ પરિષદ' માં ભેગા થઈને જર્મની દેશને દોષિત જાહેર કરી ૫૦ હજાર ટન સોનું પેનલ્ટીરૂપે જર્મની પાસેથી વસુલ કરવાનું નક્કી કર્યું અને ૧૯૨૧ થી ૧૯૮૮ સુધીનો સમયગાળો આપ્યો. યુદ્ધ દરમ્યાન જ જર્મન સમ્રાટ 'વિલ્હેમ' નેધરલેન્ડ દેશમાં ભાગીને જતો રહ્યો હતો, એટલે વિજેતા દેશોનો આકરો કર (દંડ) ચૂકવવાની જવાબદારી જર્મન પ્રજાજનોના માથે આવી.

જર્મન પ્રજા ફરીને લડી ન શકે તે માટે અનેક કાયદાઓ તેના પર નાખવામાં આવ્યા હતા. છેવટે ઈ.સ.૧૯૩૨માં જર્મન સરમુખત્યાર એડોલ્ફ હિટલરે બધા જ કાયદાઓને ફગાવી નાખી સોનું આપવાનું બંધ કર્યું. તેના કારણે બ્રિટન અને તેના ૨૩ મિત્ર દેશો ધુંવા-પુંવા થઈ ગયા; ત્યાં તો ઈ.સ. ૧૯૩૯ ના સપ્ટેમ્બર મહિનાની પહેલી તારીખે હિટલરના આદેશથી જર્મનીના નાઝી લશ્કરે પોલેન્ડ દેશ ઉપર ઓચિંતાનો ભયંકર હૂમલો કર્યો !

આ વાત સાંભળતાં જ બ્રિટન અને ફ્રાંસે જર્મન લશ્કરને યુદ્ધ બંધ કરવાનો હૂકમ કર્યો, પરંતુ લોખંડી માનસ ધરાવતા નિર્ભય અને નિર્દય એવા હિટલરે તેના હૂકમને ફગાવી દીધો, તેથી બ્રિટન અને ફ્રાંસ બન્ને દેશોએ જર્મની સામે યુદ્ધ જાહેર કરી દીધાં ! તે સમયે અમેરિકા તટસ્થ હતું તેથી હિટલર વધારે વિફર્યો.

તેણે એવું પરાક્રમ બતાવ્યું કે, ઇ.સ. ૧૯૪૦ ના એપ્રિલ સુધીમાં તો ડેનમાર્ક, નોર્વે, બેલ્જીયમ, લક્ઝેમ્બર્ગ, નેધરલેન્ડ અને ફ્રાંસ એમ કુલ છ દેશો પર વિજય મેળવી લીધો હતો. પછી તો એક પછી એક યુરોપના ઘણા દેશો જીતી લઈને લાખોને

યુદ્ધકેદીઓ તરીકે પકડીને ઘણાને ગોળીએ વીંધી નાખ્યા હતા અને ઘણાને ખાસ પ્રકારની જેલ બનાવી તેમાં પૂર્યા હતા.

ઇ.સ. ૧૯૪૧ માં હિટલરના નાઝી સૈન્યે યુગોસ્લાવિયા અને ગ્રીસ દેશ પર વિજય મેળવ્યો હતો. પછી રશિયા પર હૂમલો કર્યો તેમાં હજારો સૈનિકોને મારી નાખ્યા અને હજારોને પકડી યુદ્ધકેદી બનાવી દીધા. ૧૭ હજાર શહેરો અને ૭૦ હજાર ગામડાંઓનો નાઝી સૈન્યે નાશ કરી નાખ્યો હતો !

રશિયા ઉપર વિજય નક્કી જ હતો. નાઝી સૈન્ય કાળો કેર વર્તાવતું પાટનગર મોસ્કો પાસે આવી ગયું ત્યાં કુદરતે રશિયાને સાથ આપ્યો ! અતિશય ઠંડી ને બેસુમાર હિમવર્ષામાં જર્મન લશ્કર બરાબર ફસાઈ ગયું. આગળ વધી ન શક્યું. એ સમયમાં જ રશિયન લશ્કરે સજ્જડ વ્યુહરચના ઘડી કાઢી અને લાખો સૈનિકોનું બનેલું સંયુક્ત લશ્કર સ્તાલિનગ્રાહ શહેર તરફ રવાના થઈ ગયું.

ત્યાં જઈને જર્મન લશ્કરને ચારે તરફથી ઘેરી લીધું ! પછી બન્ને લશ્કર વચ્ચે અનેક દિવસો સુધી ઘમાસાણ યુદ્ધ ચાલ્યું, તેમાં એકધારો પ્રવાસ કરીને થાકેલા જર્મન સૈનિકો હારી ગયા. જર્મનીના ત્રણ લાખ સૈનિકો હતા તેમાંથી ફક્ત ૯૧ હજાર જીવતા રહ્યા ! બાકીના તમામ યુદ્ધમાં હોમાઈ ગયા. તે ૯૧ હજારનો અંત છેવટે રશિયાના કારાવાસમાં આવવાનો હતો.

પછી તો રશિયાએ જર્મન તાબાના જીતેલા યુરોપી દેશો પર આક્રમણ શરૂ કર્યા. તેથી અનેક દેશો જીતી છેવટે જર્મનીના પાટનગર બર્લિનમાં રશિયન સૈન્ય ઘૂસી ગયું ! બીજી તરફ અમેરિકા અને બ્રિટન બન્નેનું સૈન્ય ફ્રાંસ ગયું અને હિટલરે જીતેલ ફ્રાંસને જીતી લીધું. ત્યાંથી બન્નેનું સૈન્ય બેલ્જિયમ તરફ ગયું ત્યાં જર્મન સૈન્ય સાથે ભયંકર ને નિર્ણાયક યુદ્ધ થયું.

તે યુદ્ધમાં લાખો સૈનિકો મરાયા ને લાખો ઘાયલ થયા ! તેમાં જર્મન સૈન્યને હરાવી પશ્ચિમ જર્મનીમાં સૈન્ય આવી ગયું એટલે બન્ને તરફથી જર્મની ફસાઈ ગયું. તેના કારણે પ્રજાજનોના આક્રોશથી અને દુશ્મન દેશોના પંજામાંથી બચવા માટે જર્મનીના સરમુખત્યાર એડોલ્ફ હિટલરે તા. ૩૦-૪-૧૯૪૫ના રોજ આત્મહત્યા કરી લીધી ! રશિયા સહિત આખા યુરોપને હંફાવનાર શૂરવીર ને દેશ ભક્ત છેવટે કમોતે મર્યો.

## "જાપાની સૈનિકોની ક્રૂરતા"

ઇ.સ. ૧૯૩૧માં સામુરાઈ અને શોગન નામના બે ખૂંખાર યોદ્ધા સરદારો જાપાનના સત્તાધીશ બન્યા. તલવારની જ ભાષા સમજી શકતા એ સરદારોનો મિજાજ ભારે લડાયક હતો. તેઓ બન્ને ઘાતકી અને જુલ્મી પણ એટલા બધા હતા કે જેની કલ્પના પણ ન કરી શકીએ. વિશ્વમાં તેમને જાપાનનું ચક્રવર્તી સામ્રાજ્ય ફેલાવવું હતું, એના માટે તેઓ ગમે તે ભોગ આપવા તૈયાર હતા.

તે બન્ને સરદારોએ ઇ.સ. ૧૯૩૧ માં ઉત્તર ચીનના મંચુરિયા પ્રદેશ પર આક્રમણ કર્યું અને પછી ૧૯૩૭ માં પૂરા ચીનને જીતી લેવા માટે વિશાળ સૈન્ય મોકલ્યું. બન્ને દેશના સૈનિકો વચ્ચે ભયંકર લડાઈ થઈ. તેમાં હજારો સૈનિકો કપાઈ ગયા ! તે યુદ્ધમાં ચીને પોતાનો અડધો અડધ પ્રદેશ ગુમાવ્યો. જાપાને ચીનના સૈન્યની કત્લેઆમ કરી સફાયો કરી નાખ્યો; એટલું જ નહિ,પણ કશા વાંક કે ગુના વગર લાખો ચીની પ્રજાજનોની ક્રૂર રીતે હત્યાઓ કરી નાખી !!

ઇ.સ. ૧૯૪૦ માં જાપાની લશ્કરે વળી પાછો સપાટો બોલાવ્યો. વિયેતનામ, કંબોડિયા અને લાઓસ વગેરે હિંદીચીની કહેવાતા દેશોને જીતી લઈ ગુલામ બનાવી દીધા ! આ દેશો પર

વિજય મેળવવામાં પણ હજારો લોકોની કત્લેઆમ કરવામાં આવી.

ઇ.સ. ૧૯૪૧ માં જાપાને અમેરિકાને યુદ્ધનો પડકાર ફેંક્યો ! ૩૬૦ બોમ્બર વિમાનો પ્રશાંત મહાસાગરમાં આવેલા પર્લ હાર્બર પર ત્રાટક્યાં તેથી ૧૬૦ લડાયક વિમાનો અને ૧૮ યુદ્ધ જહાજોનો ખુરદો વળી ગયો ! તેમજ ૩૭૦૦ નાવિકો અને સૈનિકો મૃત્યુ પામ્યા. બીજે દિવસે જાપાને ફિલિપાઈન્સમાં પોતાનું સૈન્ય ઉતાર્યું. ત્યાં પણ અમેરિકન સૈન્યને હરાવી તેના ૭૦ હજાર સૈનિકોને યુદ્ધકેદી તરીકે પકડ્યા !

પછી દરેકના હાથ મુશ્કેરાટ રીતે પાછળ બાંધીને ડુંગરાઓ અને જંગલોમાં ૧૦૦ કિલોમીટર ચલાવ્યા તેમાં ૧૦ હજાર સૈનિકો ડુંગરો પરથી સંતુલન ગુમાવી ખીણોમાં પડી મૃત્યુ પામ્યા ! ચાલવામાં કોઈ ધીમે ચાલતા તો જાપાની સૈનિકો રાયફલના કૂંદા વડે તેનો પગ તોડી નાખતા ! પછી તેને ત્યાં જ છોડી દેતા, તેથી હિંસક જાનવરો આવી ઘાયલ સૈનિકને મારીને ખાઈ જતા. જાપાની સૈનિકોએ સૌથી અસહ્ય જુલમ એ આપ્યો કે, સો કિલોમીટર ચલાવી કાંટાળી છાવણીમાં લઈ ગયા ત્યારે રસ્તામાં ન કાંઈ ખાવા દીધું કે ન પાણીનું એક ટીપું પણ પીવા દીધું ! તેથી પણ ઘણા સૈનિકો તરસના કારણે રીબાઈ રીબાઈને મૃત્યુ પામ્યા હતા.

## "સખત મજૂરી અને..."

ફિલિપાઈન્સ પછી હોંગકોંગ પણ જાપાન સામે ટકી શક્યું નહિ. બ્રિટીશ તથા ભારતીય સૈનિકો ત્યાં જાપાની લશ્કરને શરણે થયા અને યુદ્ધકેદી બન્યા. થોડા સમય પછી મલાયાને જીતી લીધું. ઈન્ડોનેશિયા દેશ પર એ સમયે હોલેન્ડ દેશનું રાજ હતું. જાપાને એને પણ જીતી લીધું ! તેના પણ હજારો સૈનિકો યુદ્ધકેદી તરીકે પકડાયા.

ન્યુ ગીની દેશમાં ત્યારે ઓસ્ટ્રેલિયા દેશનું શાસન હતું, તેને પણ જાપાને હરાવી દીધું ! ત્યાં ઓસ્ટ્રેલિયન સૈનિકો તેના સકંજામાં આવ્યા. પછી સિંગાપુર જીતી લીધું ! ત્યાંથી પણ સૈનિકો પકડ્યા.ત્યાં આપણા હિંદુસ્તાની સૈનિકોને યુદ્ધકેદી તરીકે પકડ્યા. પછી થાઈલેન્ડ જીતી લીધું. પછી થાઈલેન્ડે જાપાન સાથે દોસ્તી કરીને જાપાનને ખુશ રાખવા બ્રિટન તથા અમેરિકા સામે યુદ્ધ જાહેર કર્યું.

ઇ.સ. ૧૯૪૨માં બ્રહ્મદેશ જીતી લીધું. ત્યાં પણ હજારો યુદ્ધકેદીઓ બન્યા. જાપાનની નજર પછી ભારત ઉપર મંડાઈ, પણ ભારતને જીતવા અઢળક શસ્ત્રોની જરૂર પડે તેમ હતી અને જાપાનના શસ્ત્રોનો મોટો જથ્થો થાઈલેન્ડના પાટનગર બેંગકોકમાં હતો. તે વખતે બેંગકોકથી બ્રહ્મદેશના પાટનગર રંગૂન વચ્ચે રેલવે લાઈન ન હતી, તેથી શસ્ત્રો અને સશસ્ત્ર સૈનિકોની વિશાળ સેના લાવવા માટે રેલવે લાઈન બાંધવાનું નક્કી કર્યું.

બેંગકોક અને રંગૂન વચ્ચે ૪૧૫ કિલોમીટરનું અંતર હતું. વળી પાટા જ્યાં બિછાવવાના હતા એ પ્રદેશ ગાઢ જંગલો, ખતરનાક જાનવરો અને રોગિષ્ટ હવામાનનો હતો તેથી લોકો ત્યાં ક્યારેય પણ અવર-જવર કરતા ન હતા. તે સમયે જાપાન પાસે ત્રણ લાખ ને સાઠ હજાર યુદ્ધકેદીઓ તરીકે સૈનિકો હતા ! તેમાં સૌથી વધારે સંખ્યા ભારતીય સૈનિકોની હતી; કારણ કે બ્રિટીશ રાજ જે જે દેશમાં હતું ત્યાં ત્યાં ભારતીય લોકો સૈનિકો તરીકે ફરજ બજાવતા હતા.

આંતરરાષ્ટ્રીય કાયદા પ્રમાણે યુદ્ધકેદી સૈનિકો પાસે મજૂરી ન કરાવાય, પણ કાયદાની ઐસી-તૈસી કરીને જાપાને દરેક દેશના

કેદીઓને ભયંકર જંગલમાં સખત મજૂરી કરાવી રેલવે લાઈનમાં વેઠીયા તરીકે જોડી દીધા. ત્યાં ઝેરી મેલેરિયા અને ઝેરી સર્પો, વીંછી અને હિંસક પશુઓ દ્વારા હજારોની સંખ્યામાં સૈનિકો મરવા લાગ્યા !

લાચાર અને દયાભરી હાલતમાં મૂકાયેલા યુદ્ધકેદીઓ માટે હિંસક જાનવરો કરતાં પણ ખતરનાક જાપાની ચોકિયાતો હતા. તેઓ દરરોજ સતત સત્તર કલાક સુધી સખત મજૂરી કરાવતા હતા અને સવાર-સાંજ બે વાર ફક્ત એક એક વાટકી સાદો ભાત જ ખાવા આપતા હતા તેના કારણે સૈનિકોનાં શરીર હાડપિંજર જેવા થઈ ગયાં હતાં.

## "ઐતિહાસિક પુલ પાછળ..."

બેંગકોકથી રંગૂન વચ્ચેની રેલવે લાઈન નાખવામાં દરરોજ સતત ૧૭ કલાક સુધી મોટાં મોટાં વૃક્ષો કાપવાનાં અને પહાડોના પથ્થરો કાપવા પડતા હતા. તેની સામે ખોરાકમાં ફક્ત બે વાટકી ચોખા જ આપવામાં આવતા હતા, તેથી સૈનિકોમાં ખૂબ જ અશક્તિઓ આવી જતી એટલે ઝડપથી કામ કરી શકતા નહિ. આવું જોઈને યુદ્ધકેદીઓ પર અતિ સીતમ ગુજારવા લાગ્યા.

અશક્તિ અને રોગને કારણે કેદીઓ ધીરુ કામ કરે તેને ત્રણ બાય ત્રણ ફૂટની અંધારી કેબીનમાં ટૂંટિયું વાળેલી હાલતે ત્રણ દિવસ સુધી સતત પૂરી દેવામાં આવતા હતા. મજૂરી કરે એટલે ભૂખ લાગે તેથી ખાવાનું માગે કે પાણી માગે તેને ૨૪ કલાક સુધી ભૂખ્યા ને તરસ્યા રાખવામાં આવતા હતા ! અને જે કેદી સામા બોલે તેને મારી મારીને અધમૂવા કરી દેવામાં આવતા હતા. કસાઈવાડે હાંકી

જવાતાં કતલનાં ઢોરોને જે રીતે રાખે એવી રીતે જાપાની સૈનિકો યુદ્ધકેદીઓને રાખતા હતા ! જલ્લાદોનેય શરમાવે એવી યાતનાઓ કેદીઓને આપતા હતા.

આ રીતે સીતમ આપી આપીને રેલવેના પાટા નાખવા માટે સખત મહેનત કરાવતા હતા, ત્યાં ૫૦૦ ફૂટ લાંબો ક્વાઈ નદી ઉપર પુલ બાંધવાનું નક્કી થયું. તેમાં પાંચ વર્ષ લાગે તેમ હતા, પરંતુ સૈનિકો પાસે સખત મહેન કરાવી ફક્ત ૧૬ મહિનામાં પુલ તૈયાર કરાવ્યો ! 'ધ બ્રિજ ઓન ધ રીવર ક્વાઈ' આ પુલનું કામ ઇ.સ. ૧૯૪૩ માં પૂરુ થયું, પણ ત્યાં સુધીમાં તો ૯૬ હજાર યુદ્ધકેદીઓ ભૂખના કારણે, રોગના કારણે અને માર મારવાના કારણે કરુણ મોતને પામ્યા હતા ! તેથી આ રેલવે હંમેશ માટે 'ડેથ રેલવે' તરીકે યાદગાર બની ગઈ.

૪૧૫ કિ.મી. નું રેલવે લાઈનનું બાંધકામ પુરુ થતાં જ જાપાની સૈનિકો તથા સરંજામ વડે લદાયેલી ટ્રેનો રંગૂન તરફ દોડવા લાગી અને જાપાનનું લશ્કર ભારતમાં ઘૂસ્યું ! પણ એજ સમયે ઓચિંતા સંજોગો બદલાયા. અમેરિકાના જોરદાર વળતા આક્રમણ સામે જાપાને એશિયામાં બધા મોરચે પીછેહઠ કરવાનો વખત આવ્યો.

અમેરિકન વિમાનોના બૉંબમારામાં જાપાનનાં ઘણાં લશ્કરી મથકો, યુદ્ધ જહાજો, મોટા મોટા દારૂગોળાના ભંડારો અને તોપખાનુ વગેરે નાશ પામ્યાં. મહત્ત્વનો ગણાતો યુદ્ધ કેદીઓએ બનાવેલ પુલ પણ ઇ.સ. ૧૯૪૪ માં અમેરિકન વિમાનોએ બૉંબમારો કરી વચ્ચેથી તોડી નાખ્યો ! તેથી લશ્કરનો સપ્લાય માર્ગ કપાઈ ગયો, તેથી ભારત બચી ગયું.

# "શ્રીજી મહારાજનો આદેશ"

"કસ્યાપિ પ્રાણિનો હિંસા નૈવ કાર્યાઽત્ર મામકૈઃ
સૂક્ષ્મયૂકામત્કુણાદેરપિ બુદ્ધયા કદાચન"

– સ્વામિનારાયણ ભગવાન

શિક્ષાપત્રી ૧૧ મા શ્લોકમાં શ્રીજી મહારાજ લખે છે કે, "મારા ભક્તોએ કોઈ પણ જીવની હિંસા ન કરવી અને જાણીને તો ઝીણા એવાં જૂ, માંકડ, ચાંચડ, આદિક જીવ તેમની પણ હિંસા ક્યારેય ન કરવી." આ શ્લોકમાં મચ્છરોનો પણ સમાવેશ થઈ જાય છે, છતાં મોટા ભાગના સત્સંગીઓ અને સાધુઓ ઘણીવાર મચ્છરોની દવા છાંટીને કે અન્ય રીતે મચ્છરોને મારી નાખતા હોય છે. આ પણ એક પ્રકારની ક્રૂરતા જ છે. મચ્છર કરડતા હોય તો મચ્છરદાની બાંધીને સૂવું જોઈએ. અથવા તો મચ્છરો ન મરે એવી દવા શરીરે લગાવી સૂવું જોઈએ કે, જેની ગંધથી મચ્છર ભાગી જતાં હોય. અથવા તો પંખાઓ ફૂલ રાખી સૂવું જોઈએ એટલે પવનને કારણે મચ્છરો નજીક ન આવી શકે.

આજુ-બાજુમાં ગંદકી હોય કે પાણી ભરેલ રહેતું હોય તેનાથી પણ મચ્છરો વધતા હોય છે, તેથી ત્યાં માટી-પથ્થર પૂરી સ્વચ્છતા રાખવી જોઈએ એટલે મચ્છરોનો ઉપદ્રવ ઓછો થઈ જાય છે. મચ્છરોનો ખોરાક જ લોહી છે. કુદરતે તેના ખોરાકની આ રીતે વ્યવસ્થા કરેલ છે, તેથી તે તેનો ખોરાક ખાવા આવવાનાં જ છે, માટે સર્વથી શ્રેષ્ઠ ઉપાય એ છે કે, મચ્છરો ઉત્પન્ન જ ન થાય એવી સ્વચ્છતા રાખવી જોઈએ.

# "મચ્છરો ભગાડવા માટે"

મચ્છરો મારવા એ એક પ્રકારની ક્રૂરતા જ છે, પણ તેઓને ભગાડી મૂકવાં તેને ક્રૂરતા કહેવાતી નથી, માટે તેના ઉપાયો થોડા જણાવું છું. સંતરાની છાલને સૂકવી તેને બાળવાથી તે સ્થાનમાંથી મચ્છરો ભાગી જાય છે. કપૂરને ગરમ કરવું, એની વાસથી મચ્છરો જતા રહે છે. પાંચ કે દસ લવિંગનો ધૂમાડો કરવાથી, લીમડાનાં પાનની ધૂણી કરવાથી અને લોબાનનો ધૂપ કરવાથી પણ મચ્છરો ભાગી જાય છે. ઘરમાં કીડીઓ બહુ હોય ત્યાં કપુરની ગોટીને કાગળમાં વીંટીને મૂકવાથી કીડીઓ ત્યાંથી જતી રહે છે. અથવા તો ત્યાં હળદર નાંખવાથી પણ કીડીઓ જતી રહે છે. ખાંડની બરણીમાં ૫ કે ૧૦ લવિંગ નાખી મૂકવા એટલે તેમાં કીડીઓ જશે નહિ. બોરિક પાવડર અને મેંદાનો લોટ સરખા પ્રમાણમાં લઈ તેને ગરમ કર્યા વગરના દૂધમાં બાંધી ગોળીઓ બનાવી કબાટ, પાજંરું કે ઘરના ખૂણામાં મૂકવાથી વાંદા જતા રહે છે અથવા તો ચૂનાના મોટા કટકાઓ મૂકવાથી પણ વાંદા જતા રહે છે.

વહાલા ભક્તો ! દયા એ દૈવી માનવનું લક્ષણ છે, માટે દરેક જીવ પ્રાણીમાત્રને આત્મીય સમજી કોઈપણને મન, કર્મ અને વચને દુઃખવવા નહિ એજ આ પુસ્તકનું રહસ્ય છે.

સમાપ્ત

વિક્રમ સંવત - ૨૦૬૧. ઈસવી સન - ૨૦૦૪



-: લેખક :-

## સદ્‌ગુરૂ શ્રી બ્રહ્મસ્વરૂદાસજી સ્વામી

૧. સત્સંગિજીવન સાગરમંથન
૨. જ્ઞાન સરિતા
૩. મોહનજીને મળવાને
૪. વાણી-વિવેક
૫. અમાનવીય ક્રૂરતા
૬. જીવન એક સ્નેહ ઝરણું
૭. માનવતાના દીવડા
૮. જીવન યાત્રા
૯. નિત્ય નિયમાવલિ
૧૦. શાંતિપાઠ
૧૧. મુક્તાનંદ કાવ્યમ્
૧૨. મહાપૂજા મુક્તગાથા
૧૩. શિક્ષાપત્રી (ગુજરાતી)
૧૪. પંચરત્નમ્
૧૪. શિક્ષાપત્રી (અંગ્રેજી)
૧૩. શ્રીમદ્‌ભગવદ્ વિલાસમ્ (સંસ્કૃત)
૧૪. **BELOVEDGHANSHYAM**
૧૫. **LORD SWAMINARAYAN**
૧૬. **NILKANTH CHARITRA**
૧૭. **DIVINE DEVAOTION**